dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -10 | Issue-46 | AD - 2026, Kartak Sud-09 | Thursday, Dt. 19-11-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ભારે વરસાદની આગાહી, કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદનું જોખમ

ચક્રવાત 'અકવાન'નું રૌદ્ર સ્વરૂપ : આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાવાની શક્યતા

નવી દિલ્હી,તા.૧૮

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત 'અકવાન' ધીમે ધીમે વધુ મજબૂત બની રહ્યું છે અને તેણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગના અપડેટ મુજબ આ ચક્રવાત શુક્રવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાય તેવી શક્યતા છે. ચક્રવાતને પગલે દક્ષિણ ભારતનાં અનેક રાજ્યોમાં ભારે વરસાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાનની સ્થિતિ ગંભીર બની શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા છ કલાક દરમિયાન ચક્રવાત ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં પ્રતિ કલાક આશરે ત્રણ કિલોમીટરની ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. હાલમાં તે બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમ ભાગમાં સક્રિય છે. ચક્રવાત આંધ્રપ્રદેશના મછલીપટ્ટનમથી આશરે ૬૧૦ કિલોમીટર દૂર હોવાનું જણાવાયું છે.આંધ્રપ્રદેશ આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના મેનેજિંગ ડિરેક્ટર પ્રખર જૈને બુધવારે માહિતી આપતાં જણાવ્યું હતું કે ચક્રવાત હાલમાં ચેન્નાઈથી ૫૮૦ કિલોમીટર, મછલીપટ્ટનમથી ૬૧૦ કિલોમીટર, વિશાખાપટ્ટનમથી ૬૧૦ કિલોમીટર અને ગોપાલપુરથી ૭૩૦ કિલોમીટર દૂર છે. ચક્રવાત દરિયાકાંઠા તરફ આગળ વધતાં વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.



ચક્રવાતની અસરને કારણે ચેન્નાઈ સહિત ઉત્તર તમિલનાડુના આસપાસના જિલ્લાઓમાં આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધી શકે છે. લોકોને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી રહી છે.

ઓડિશામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૮ નવેમ્બરે દક્ષિણ દરિયાકાંઠાના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. ૧૯ અને ૨૦ નવેમ્બરે દક્ષિણ ઓડિશામાં મોટા ભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ તથા છૂટાછવાયા વિસ્તારોમાં ૨૧ સેન્ટિમીટર કે તેથી વધુ વરસાદ પડવાની સંભાવના છે. ઉત્તર ઓડિશામાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલન અને પાણી ભરાવાની સ્થિતિ સર્જાવાનું જોખમ વ્યક્ત કરાયું છે.આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ૧૯ અને ૨૦ નવેમ્બરે ભારે વરસાદ પડી શકે છે. કેટલીક જગ્યાએ અતિભારે વરસાદની શક્યતા છે. જોકે, ૨૧ નવેમ્બરથી ઉત્તર દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં હવામાનની સ્થિતિમાં આંશિક સુધારો થવાની સંભાવના છે. તેમ છતાં કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે.ચક્રવાત 'અકવાન'ની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવી જરૂરી બની છે. આગામી દિવસોમાં હવામાનની સ્થિતિ પર સૌની નજર રહેશે.

સતત છઠ્ઠા દિવસે ઘટાડો : સોનું રૂ. ૧૦ અને ચાંદી રૂ. ૨૧ હજાર સસ્તી

નવી દિલ્હી,તા.૧૮

સોના-ચાંદીના ભાવમાં ૧૮ નવેમ્બરે સતત છઠ્ઠા કારોબારી દિવસે ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૨,૬૯૬ ઘટીને રૂ.૧.૩૨ લાખ થયો છે. જ્યારે એક કિલો ચાંદીનો ભાવ રૂ.૪,૬૬૫ ઘટીને રૂ.૧.૬૫ લાખ પર પહોંચ્યો છે. છેલ્લા છ કારોબારી દિવસમાં સોનું આશરે રૂ.૧૦ હજાર અને ચાંદી રૂ.૨૧ હજાર સસ્તી થઈ છે.



૧૦ નવેમ્બરે સોનું રૂ.૧.૪૨ લાખ અને ચાંદી રૂ.૧.૮૬ લાખના ભાવે હતી. આ વર્ષે બંને કિંમતી ધાતુઓના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી રૂ.૨.૩૦ લાખ પ્રતિ કિલો હતી, જે ૨૯ જાન્યુઆરીએ વધીને રૂ.૩.૮૦ લાખની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. ત્યારબાદ તેમાં રૂ.૨.૧૫ લાખનો ઘટાડો નોંધાયો છે. તેવી જ રીતે સોનું રૂ.૧.૩૩ લાખથી વધીને રૂ.૧.૭૬ લાખની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ આશરે રૂ.૪૪ હજાર સસ્તું થયું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલરની મજબૂતી અને મોટા રોકાણકારોની ઊંચા ભાવે વેચવાલી ભાવ ઘટાડાનાં મુખ્ય કારણો છે.

મેઘાલયમાં ભૂલથી સરહદ પાર કરનાર બીએસએફ જવાનને બાંગ્લાદેશના સરહદ રક્ષકે પકડ્યા બાદ છોડ્યો

નવી દિલ્હી,તા.૧૮

ભારત- બાંગ્લાદેશ સરહદેથી એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. મેઘાલયના જયંતિયા હિલ્સ વિસ્તારના જયવાઈમાં ફરજ પર તૈનાત બીએસએફનો એક જવાન ભૂલથી આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને બાંગ્લાદેશમાં પહોંચી ગયો હતો. જ્યાં બાંગ્લાદેશના સરહદ રક્ષક દળે તેને પકડી લીધો હતો. આ ઘટના મંગળવારે બપોરે આશરે ૧૨ વાગ્યે બની હતી. આ વિસ્તાર બાંગ્લાદેશના સિલહટ જિલ્લાની સામે આવેલો છે. અહીં સરહદ પર તારની વાડ ન હોવાથી પ્રવાસીઓની અવરજવર રહે છે. બંને દેશોના સરહદ સુરક્ષા દળના અધિકારીઓ વચ્ચે બેઠક અને ચર્ચા બાદ જવાનને સુરક્ષિત રીતે ભારત પરત લાવવામાં આવ્યો હતો.

જનજાતીય ગૌરવ સપ્તાહ : આદિજાતિના કલ્યાણ માટે પ્રતિબધ્ધ ગુજરાત સરકાર

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરનો દિવસ ભારતના ઈતિહાસમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા ફક્ત એક નાયક જ નહીં, પરંતુ આદિજાતિ અસ્મિતાના પણ પ્રતીક છે. જનજાતીય સમાજના ઉત્થાન અને તે સમાજના નાયકોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧માં દર વર્ષે ભગવાન બિરસા મુંડાની જયંતી એટલે કે ૧૫ નવેમ્બરના દિવસને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. આદિવાસી નાયકોના યોગદાનને શ્રધ્ધાંજલિ આપવા અને જનજાતીય અસ્મિતાની ઉજવણી કરવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ' ઉજવી રહી છે.

ગુજરાત માટે આ અવસર વિશેષ મહત્વ ધરાવે છે. ગુજરાત પોતાની વિશિષ્ટ જનજાતીય સંસ્કૃતિ અને પરંપરાઓની સાથે-સાથે આદિવાસી સમુદાયને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે પણ જાણીતું છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં રાજ્યનો મોટાભાગનો આદિજાતિ સમુદાય વસે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન જનજાતીય સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કેરી હતી. આ યોજનાએ ફક્ત રાજ્યના આદિવાસી સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાનું જ કામ નથી કર્યું, પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસી સમુદાયના ઉત્થાન માટે એક મોડલ તરીકે દેશને નવો માર્ગ પણ ચીંધ્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જનજાતીય સમુદાયના કલ્યાણની આ યાત્રા નવી ઉંચાઈઓ સર કરી રહી છે.

વનબંધુ કલ્યાણ યોજના: આદિવાસીઓના જીવનમાં વિકાસનું અજવાળું

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' નો એક વિશિષ્ટ મિશન તરીકે પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કેન્દ્રમાં રોજગાર, શિક્ષણની ગુણવત્તા, આર્થિક વિકાસ, આરોગ્ય, સહુ માટે આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળી અને શહેરી વિકાસ જેવા દસ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. પહેલી વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૦-૨૧ સુધી ચાલી હતી, જે હેઠળ કુલ રૂ.૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પહેલી વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે રૂ.૧ લાખ કરોડની 'વનબંધુ કલ્યાણ યોજના-૨' શરૂ કરવામાં આવી. આ તબક્કામાં રોજગારલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવતા પરિવારોનો લક્ષ્યાંક ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો હતો. આ બાબત દર્શાવે છે કે, હવે વિકાસની પરિકલ્પના માત્ર પાયાની સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પરિવારોની આવકમાં વૃધ્ધિ અને રોજગારીની નવી તકોના સર્જન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષણના માધ્યમથી લખાઈ રહી છે પરિવર્તનની નવી ગાથા

શિક્ષણ કોઈપણ સમાજના ઉત્થાન માટેનું સૌથી સશક્ત માધ્યમ છે, અને તેથી ગુજરાત સરકારે તેના પર જ સૌથી વધુ ભાર મૂક્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ, ગણવેશ, ભોજન, શૈક્ષણિક સામગ્રી, સાયકલ અને આવાસી શિક્ષણ જેવી સુવિધાઓના વ્યાપક વિસ્તરણ દ્વારા શિક્ષણની પહોંચ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે સીધી શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂ.૪૩૮.૨૭ કરોડના ખર્ચે કુલ ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આ જ સમયગાળા દરમિયાન રૂ.૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ વિદ્યાર્થીઓને, જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રૂ.૨,૩૮૬.૩૪ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવકમર્યાદાને ધ્યાનમાં લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂ.૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી છે.





ગણવેશ સહાય યોજના અંતર્ગત રૂ.૪૮૨.૧૬ કરોડના ખર્ચે ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની ત્રણ જોડી માટે સહાય પૂરી પાડવામાં આવી છે. ફૂડબિલ સહાય યોજના હેઠળ કોલેજને સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત રૂ.૨૬૬.૩૫ કરોડના ખર્ચે કુલ ૧.૮૩ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની ખરીદી માટે સહાય આપવામાં આવે છે, જે હેઠળ રૂ.૪૫૪.૮૮ લાખના ખર્ચે કુલ ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. દીકરીઓના શિક્ષણની વિશેષ ચિંતા કરીને રાજ્ય સરકારે 'વિદ્યા સાધના યોજના' અંતર્ગત રૂ.૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ આદિવાસી દીકરીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ સહાય પૂરી પાડી છે, જ્યારે 'ટેલેન્ટ પૂલ વાઉચર યોજના' હેઠળ રૂ.૫,૫૨૧.૭૮ લાખના ખર્ચે કુલ ૯,૧૩૧ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી બાળકોના પોષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને 'દૂધ સંજીવની યોજના' હેઠળ રૂ.૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

રાજ્યની આ જ વિચારધારાનો વિસ્તાર આવાસી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આવાસ, ભોજન અને શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૭૬ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂ.૫૩૪.૦૬ કરોડના ખર્ચે કુલ ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૭૬ સરકારી છાત્રાલયોમાં રૂ.૫૨૩.૩૦ કરોડના ખર્ચે ૮૪,૦૨૧ વિદ્યાર્થીઓને, જ્યારે ૮૯૫ સરકારી અનુદાનિત છાત્રાલયોમાં રૂ.૫૯૩.૩૦ કરોડના ખર્ચે આ સમયગાળા દરમિયાન આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વધુમાં, રાજ્યમાં કાર્યરત ૫૬ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૪૩ ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ અને ૧૨ મોડેલ સ્કૂલ સહિત કુલ ૧૧૧ શાળાઓમાં આશરે ૩૭,૩૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ.૧,૩૩૯.૬૭ કરોડના ખર્ચે કુલ ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

સૌથી મહત્વપૂર્ણ બદલાવ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષોમાં આદર્શ નિવાસી શાળાઓ અને ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી ૨૩૬ વિદ્યાર્થીઓએ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડાઓ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ આદિવાસી યુવાનોમાં આવી રહેલા આત્મવિશ્વાસના પણ સૂચક છે, જેના થકી પરંપરાગત મર્યાદાઓને પાર કરીને આદિવાસી યુવા પેઢી હવે આધુનિક વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહી છે.

ગુજરાત સરકારે આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણના સપનાંઓને નવી પાંખો આપી છે. વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષોમાં રૂ.૨૧૬૯.૨૦ લાખના ખર્ચે કુલ ૧૬૨ આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે રૂ.૧૫ લાખની મર્યાદામાં ૪ ટકાના વ્યાજદરે લોન આપવામાં આવી છે. આ ઉપરાંત, પાયલટ તાલીમ યોજના અને વકીલ સહાય યોજના મારફતે આદિવાસી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

કૃષિ અને આજીવિકા

ગુજરાત સરકાર આદિવાસી પરિવારોની આવકમાં વધારો થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે. કૃષિ ક્ષેત્રે આદિવાસી ખેડૂતોને સશક્ત બનાવવા માટે મંડપ સહાયતા યોજના, ફળાઉ રોપા સહાય વિતરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના સહિતની વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી યુવાનોને ગુણવત્તાયુક્ત અને રોજગારલક્ષી તાલીમ આપવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૬૧.૯૫ કરોડના ખર્ચે કુલ ૨૦,૧૫૯ આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૫,૪૮૫ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નાનો-મોટો વ્યવસાય શરૂ કરવા કે સ્વરોજગાર માટે અમલમાં મૂકાયેલી માનવ ગરિમા યોજના હેઠળ રૂ.૬૫૭૯.૩૫ લાખના ખર્ચે કુલ ૩૫,૦૪૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ

રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું ભરતાં મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટીબી, કેન્સર, સિકલ સેલ અને થેલેસેમિયા જેવી ગંભીર બીમારીઓથી પીડાતા ૬૫,૮૮૯ લાભાર્થીઓને રૂ.૧૦૦.૨૭ કરોડની સહાય પૂરી પાડી છે.

તે જ રીતે, આદિવાસી કુટુંબોના ઘરનું ઘર બનાવવાના સપનાને સાકાર કરતી વ્યક્તિગત ધોરણે આવાસ યોજના તેમજ હળપતિ આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત પાત્ર દીકરીઓના લગ્ન પ્રસંગે સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૪૯.૦૨ કરોડના ખર્ચે ૪૦,૬૪૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧ સરહદી જિલ્લાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે રૂ.૪૩૨.૯૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૪ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

ખાસ નબળા આદિજાતિ જૂથો સુધી વિકાસની પહોંચ

કેન્દ્ર સરકારની પહેલોના માધ્યમથી આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) – કાથોડી, કોટવાલિયા, પઢાર, સિદી અને કોલઘાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમુદાયો અને તેમના વિસ્તારોમાં પાયાની સુવિધાઓની અછત દૂર કરવાના હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રૂ.૧૭૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ જ રીતે 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાના ૧૦૨ તાલુકાઓનાં કુલ ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાનાં ક્ષેત્રોમાં તમામ પાત્ર લાભાર્થીઓને યોજનાકીય લાભો પૂરા પાડીને આદિવાસી ગામોનો સર્વાંગી અને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૮૭.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

જનજાતીય કલ્યાણ યોજના: આગામી પાંચ વર્ષ માટે રૂ.૨ લાખ કરોડની જોગવાઈ

વિકાસની આ અભૂતપૂર્વ યાત્રાને આગળ વધારતાં રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે રૂ.૨ લાખ કરોડની જોગવાઈ સાથે 'જનજાતીય કલ્યાણ યોજના' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જ આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિભાગોના માધ્યમથી કુલ રૂ.૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભગવાન બિરસા મુંડાએ જે સન્માન, સમાનતા અને સ્વાભિમાનનું સ્વપ્ન જોયું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો આદિવાસી સમુદાય શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાના માર્ગે સતત પ્રગતિ કરી રહ્યો છે.


"જનજાતીય ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ છે. જ્યારે પણ રાષ્ટ્રના સન્માન, સ્વાભિમાન અને સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે જનજાતીય સમુદાય સૌથી આગળ આવીને ઊભો રહ્યો છે."-શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાનશ્રી

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામ ભક્તિના રંગે રંગાયુ, ગામમાં ભક્તિનો માહોલ છવાયો

નૂતન સ્વામિનારાયણ મંદિરનો ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો









અમરેલી,તા.૧૮

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે નૂતન સ્વામિનારાયણ મંદિરનો ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૪ થી ૧૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. તરવડા ગુરુકુલ પ્રેરિત રાજકોટ ગુરુકુલ સંસ્થાન દ્વારા આયોજિત આ મહોત્સવ સત્યાયધામ, માંગરોળીયા પરિવારની વાડી ખાતે યોજાયો હતો.

મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. મહોત્સવમાં શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના મુખે ભક્તચિંતામણિ ગ્રંથની કથા પારાયણ યોજાઈ હતી. તા. ૧૫ નવેમ્બરે બપોરે ૧ કલાકે સાંખ્યયોગી બહેન લીલાબેન દ્વારા સત્સંગ યોજાયો હતો ત્યારબાદ સાંજે ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. તા. ૧૬ નવેમ્બર, સોમવારે કારતક સુદ સાતમ, વિક્રમ સંવત ૨૦૮૩ના પવિત્ર દિવસે સવારે ૯:૦૦ કલાકે વડતાલ ગાદી પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે ભગવાન સ્વામિનારાયણ, ગણપતિજી મહારાજ અને હનુમાનજી મહારાજની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મહોત્સવના ભાગરૂપે તા.૧૪ના રોજ કૌશિક ગોલાદરા અને નાદબ્રહ્મ સંગીત મંડળ દ્વારા રાસગરબાનું આયોજન કરાયું હતુ. જ્યારે તા. ૧૫ નવેમ્બરની રાત્રે લોકડાયરામાં અલ્પાબેન પટેલ, દિલીપભાઈ વરસાણી અને કેવીનભાઈ રોકડ પોતાની કલા રજૂ કરી હતી. મંદિરનું નિર્માણ ગુરુવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત દેવપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ તથા પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ થયું હતુ.

આ પ્રસંગે બાલસ્વામી મેમનગર ગુરુકુલ, ઘનશ્યામજીવનદાસજી સ્વામી- તરવડા ગુરુકુલ, નારાયણપ્રસાદ દાસજી સ્વામી- રાજકોટ ગુરુકુલ, જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી- જૂનાગઢ ગુરુકુલ, ધર્મવલ્લભદાસજી સ્વામી- સુરત ગુરુકુલ, નિલકંઠચરણદાસજી સ્વામી- ગાદીસ્થાન- જેતપુર, સંતવલ્લભદાસજી સ્વામી- ચેરમેન- વડતાલધામ, દેવપ્રકાશદાસજી સ્વામી- મુ.કોઠારી, વડતાલધામ, વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી- અથાણાવાળ- સાળંગપુરધામ, હરિપ્રકાશ દાસજી સ્વામી- અથાણવાળા-સાળંગપુર ધામ, વિવેકસાગરદાસજી સ્વામી- અથાણાવાળા-સાળંગપુરધામ, ભક્તિસંભવદાસજી સ્વામી- અમરેલી પાણીદરવાજા મંદિર, રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, દક્ષાબેન ચોડવડીયા, વસંતભાઈ મોવલીયા, જિલ્લાના રાજસ્વી મહાનુભાવો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કથા પારાયણનું જીવંત પ્રસારણ તરવડા ગુરુકુલની યુટ્યુબ ચેનલ પર કરવામાં આવ્યું હતુ. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અને ગ્રામજનો જોડાયા હતા. કથા દરમિયાન સમગ્ર ગામ ભક્તિમય બન્યુ હતુ.

પરિક્રમાના ટ્રાફિકને પહોંચી વળવા માટે એસ.ટી.વિભાગ સજ્જ

અમરેલી એસ.ટી.ડિવિઝન લીલી પરિક્રમાના મેળામાં ૪૭ બસ દોડાવશે

અમરેલી,તા.૧૮

દેવદિવાળીથી જૂનાગઢ ખાતે લીલી પરિક્રમાના મેળાનો પ્રારંભ થનાર છે. જો કે મેળો પ્રારંભ થાય તે પહેલા જ અનેક ભાવિકો તળેટીએ પહોંચતા હોવાથી મુસાફરોની વધની જતી સંખ્યાને ધ્યાને લઈ અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા વધારાની બસ દોડાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જૂનાગઢ ખાતે દેવદિવાળીથી લીલી પરિક્રમાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ મેળામાં સમગ્ર રાજયમાંથી લોકો આવતા હોય છે જેથી ટ્રાફિકને પહોંચી વળવા માટે અન્ય ડિવિઝનની જેમ અમરેલી એસ.ટી.ડિવિઝન પણ



સજ્જ બન્યુ છે. મુસાફરોના ઘસારાને પહોંચી વળવા માટે અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા વધારાની બસ દોડાવવાનુ નક્કી કરવામાં આવ્યું છે. વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, તા. ૨૦થી ૨૪ નવેમ્બર સુધી કુલ ૪૭ બસ દોડાવવામાં આવશે. જેમાં અમરેલીથી ૧૦, સાવરકુંડલાથી ૧૦, ધારી-બગસરાથી ૭-૭, રાજુલાથી ૪,ઉનાથી ૫ અને કોડીનારથી ૪ બસ દોડાવવામાં આવશે. જો મુસાફરોનો ઘસારો વધુ હશે તો વધારાની બસ દોડાવવા માટે અમરેલી એસ. ટી.વિભાગ સજ્જ છે તેમ અંતમાં વિભાગીય નિયામકે જણાવ્યું હતુ.

જો ટ્રાફિક રહેશે તો વધારાની બસ દોડાવવામાં આવશે : વિભાગીય નિયામક

અમરેલીમાં ૨૨ નવેમ્બરે જ્ઞાનવત્સલ સ્વામીની જાહેર સત્સંગ સભા યોજાશે

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તા.૨૨ નવેમ્બર, રવિવારે રાત્રે ૮:૩૦ કલાકે લાઠી રોડ સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ વિદ્યાસભા ખાતે આંતરરાષ્ટ્રીય મોટિવેશનલ સ્પીકર જ્ઞાનવત્સલ સ્વામીની જાહેર સત્સંગ સભાનું આયોજન



કરાયું છે. 'પરિવારઃ સંસ્કારથી વૈશ્વિકતા સુધી' વિષય પર તેઓ માર્ગદર્શન આપશે. છેલ્લા ત્રણ દાયકામાં ૪૦થી વધુ દેશોમાં ૧૫ હજારથી વધુ પ્રેરણાદાયી પ્રવચનો આપી ચૂકેલા સ્વામી યુવાનો અને પરિવારોને સંસ્કાર, સકારાત્મકતા તથા જીવન ઘડતરનું માર્ગદર્શન આપશે. બી.એ.પી.એસ. મંદિરના કોઠારી સંત સાધુ ચરિતસ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તો ઘરે ઘરે આમંત્રણ આપી રહ્યા છે.

રાજુલાના મેરીયાણા ખારી ગામ પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું કરૂણ મોત

રાજુલા,તા.૧૮

મહુવા માર્કેટમાં મગફળીની હરાજીમાંથી પરત ફરી રહેલા યુવકને ગંભીર અકસ્માત નડતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ મામલે મૃતકના ભાઈ અતુલભાઈ બાબુભાઈ મકવાણાએ બાઈક ચાલક મિત્ર જયદીપસિંહ રાયસિંહ પરમાર વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.રાજુલાના નેસવડ ગામના રહેવાસી મુન્નાભાઈ બાબુભાઈ મકવાણા ગત તા.૧૬/૧૧/૨૦૨૬ ના રાત્રિના સમયે પોતાના મિત્ર જયદીપસિંહ પરમાર સાથે મહુવા માર્કેટ યાર્ડમાં મગફળીની હરાજીમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે આરોપી જયદીપસિંહ પૂરઝડપે અને ગફલતભરી રીતે બાઈક ચલાવી રહ્યો હતો.

મેરીયાણા ખારી ગામ પાસેના રોડ પર વળાંક આવતા ચાલકે બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે બાઈક સ્લીપ થઈ ગયું હતું.

બેફિકરાઈભર્યું વાહન ચલાવવા બાબતે ચાલક મિત્ર સામે ફરિયાદ

પાછળ બેઠેલા મુન્નાભાઈને માથા, કમર અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જનક તળાવીયાના હસ્તે લાઠીના છભાડીયા ગામે માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

લાઠી,તા.૧૮

લાઠી તાલુકાના છભાડીયા ગામના પ્લોટ વિસ્તારમાં રૂ.૧.૨૦ કરોડના ખર્ચે માઈનોર બ્રિજના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ બ્રિજ બનવાથી ગામના લોકો, ખેડૂતો અને વાહનચાલકોને અવરજવરમાં



મોટી રાહત મળશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પાણીના વહેણને કારણે પડતી મુશ્કેલીઓ દૂર થશે અને સલામત પરિવહન સુવિધા મળશે. આ પ્રસંગે જનક તળાવીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બનાવી સર્વાંગી વિકાસ કરવો એ પ્રાથમિકતા છે. ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ, સભ્યો, ભાજપના હોદ્દેદારો, સરપંચ, આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સમૂહખેતી ગામે ગોવિંદસાગર તળાવનું ભૂમિપૂજન કર્યું

અમરેલી, તા. ૧૮





ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમૂહખેતી (ઘુડીયા આગરીયા) અને કોટડીપરા ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પર્યાવરણ સંરક્ષણ અને જળસંચયના કાર્યોને પ્રોત્સાહન આપ્યું હતું. સમૂહખેતી ગામ ખાતે રાજ્યપાલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત ગોવિંદસાગર તળાવનું વિધિવત્ ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલનું ગામમાં આગમન થતાં ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાના એનસીસી કેડેટ્સ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. ગ્રામજનોએ પણ ઉત્સાહભેર તેમનું સ્વાગત કર્યું હતું. ખાસ વાત એ રહી કે રાજ્યપાલે ગામની મુલાકાત દરમિયાન પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિરોકાણ કર્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી મૌર્ય, એએસપી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી અક્ષર વ્યાસ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, વિવિધ વિભાગોના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલે અનુસૂચિત જાતિના પરિવાર સાથે ભોજન કરી સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજુલા તાલુકાના સમૂહખેતી ગામે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિના જીવાભાઈ ધાખડાના ઘરે મુલાકાત લઈ પરિવારનું આતિથ્ય માણ્યું હતું. પરિવારજનો સાથે આત્મીય સંવાદ કરી તેમના ખબર-અંતર પૂછ્યા બાદ સાદું અને સાત્વિક ભોજન લીધું હતું. પરિવારની બહેનોએ તૈયાર કરેલા ભોજનનો સ્વાદ માણ્યો હતો. રાજ્યપાલના આ સહજ વ્યવહારથી પરિવાર ભાવવિભોર બન્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાલા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાબરા તાલુકાના ફૂલઝર ગામે જળસંચય અંગે ગ્રામસભા યોજાઈ

બાબરા, તા. ૧૮



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ફૂલઝર ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અને ભૂગર્ભ જળ રિચાર્જ અંગે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના મુખ્ય માર્ગદર્શક દિલીપભાઈ સખીયાએ ગ્રામજનોને જળસંચયની વૈજ્ઞાનિક અને પરંપરાગત પધ્ધતિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વરસાદી પાણીનો બગાડ અટકાવી ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં રોકવા અપીલ કરી હતી. ચેકડેમ, બોરચાર્જિંગ, ખેતતલાવડી તથા નદી-નાળા ઊંડા કરવાની કામગીરીનું મહત્વ સમજાવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા ૧,૧૧,૧૧૧ જળસંચયનાં કાર્યો કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે, જેમાં અત્યાર સુધી ૨૦ હજારથી વધુ સ્ટ્રક્ચર તૈયાર કરાયાં છે. કાર્યક્રમમાં સરપંચ બોડાભાઈ પદમાણી સહિત ગ્રામ આગેવાનો, ગ્રામજનો અને ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીના જંગલોને પ્લાસ્ટિકમુક્ત બનાવવા સ્વયંસેવકો દ્વારા જાગૃતિ અભિયાન કરાયું

અમરેલી,તા.૧૮



અમરેલી જિલ્લામાં જંગલોને પ્લાસ્ટિકમુક્ત રાખવા અને વન્યજીવોનું રક્ષણ કરવાના હેતુથી ઈકો અર્થ ફાઉન્ડેશન, કુસુમકલા ફાઉન્ડેશન અને ક્લીનઅપ અમરેલીના સ્વયંસેવકો દ્વારા જાગૃતિ અભિયાન યોજાયું હતું. દુધાળા-તુલસીશ્યામ ચેકપોસ્ટ અને ધારીના આંબરડી લાયન નેચરપાર્ક ખાતે આ અભિયાન હાથ ધરાયું હતું. તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી દુધાળા-તુલસીશ્યામ ચેકપોસ્ટ પર યોજાયેલા અભિયાન દરમિયાન ૩૦૦થી વધુ વાહનોમાં આવેલા ૧,૨૦૦થી વધુ પ્રવાસીઓને જંગલમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને વન્યજીવોને ખલેલ ન પહોંચાડવા સમજાવવામાં આવ્યા હતા. પ્રવાસીઓને વપરાયેલું પ્લાસ્ટિક જંગલમાં કે રસ્તા પર ફેંકવાને બદલે કપડાની થેલીમાં ભેગું કરી યોગ્ય જગ્યાએ નિકાલ કરવા થેલીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

લાઠી-બાબરાના પ્રશ્નોના ઉકેલ માટે સંકલન સમિતિની બેઠક યોજાઈ

ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં વિવિધ પ્રશ્નો અને વિકાસનાં કામોની સમીક્ષા કરાઈ

લાઠી, તા. ૧૮

લાઠી પ્રાંત કચેરી ખાતે લાઠી અને બાબરા તાલુકાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને પ્રાંત અધિકારી પારસ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન બંને તાલુકાના વિવિધ પ્રશ્નો, નાગરિકોની રજૂઆતો તેમજ પ્રગતિ હેઠળનાં વિકાસનાં કામો અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ લોકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી સમયમર્યાદામાં તેનો ઉકેલ લાવવા અધિકારીઓને સૂચના આપી હતી. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે અને વિકાસનાં કામો ગુણવત્તા સાથે સમયસર પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં વહીવટી તંત્ર અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધુ મજબૂત બનાવી લોકોની સમસ્યાઓનો ઝડપી નિકાલ કરવા ભાર મૂકવામાં આવ્યો હતો.

અવસાન નોંધ

સાવરકુંડલા

પુષ્પાબેન શાંતિલાલ તન્ના (ઉં.વ.૮૫)તે સ્વ. શાંતિલાલ હરગોવિંદાસ તન્નાના ધર્મપત્ની, સ્વ.ઉમેશભાઈ શાંતિલાલ તન્નાના માતુશ્રી, જય ઉમેશભાઈ તન્નાના બાનું તા.૧૭/૧૧/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૯/૧૧/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

રાજકોટ

દિલગીરી સાથે જણાવવાનું કે સ્વ.છોટાલાલ પરસોતમભાઈ પંડતનું તા.૧૬-૧૧-૨૦૨૬, સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે તે ચંદુભાઈ તથા અરવિંદભાઈના મોટાભાઈ, નરેન્દ્રભાઈ તથા ભરતભાઈના પિતા, હિતેષભાઈના બાપુજી અને ધવલ, સાવન અને રોનકના દાદા. પ્રભુ તેમના આત્માને ચિરંતન શાંતિ આપે એજ પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા.૧૯-૧૧-૨૦૨૬, ગુરુવારે સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન : પાર્કિંગ, સિતારા હાઈટ્સ, અયોધ્યા ચોક, સિનર્જી હોસ્પિટલની બાજુમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. નોંધ : પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.









રૂમ નંબરઃ ૨૨૪

અમરેલીનાં મહે. એડિશનલ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,

ફોજદારી પરચુરણ અરજી નંઃ- ૬૨૦/૨૦૨૬
મુદત તારીખઃ- ૫/૧૨/૨૦૨૬

દિનેશભાઈ ડાયાભાઈ સાવલીયા
રહે.જેસીંગપરા અમરેલી .....અરજદાર

વિરૂધ્ધ

ચીફ ઓફીસર શ્રી
નગરપાલીકા કચેરી તા.જી. અમરેલી .....સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર તર્ફે તેમના વિ.વકીલશ્રી પી.જી.તલાવીયા એ જન્મ તારીખ અને જન્મ મરણ અધિ.ની કલમ ૧૩(૩)અન્વયે અરજ આપી અરજદાર ના પુત્રીની જન્મ તારીખઃ ૧૫/૦૬/૧૯૮૩ અમરેલી મુકામે થયાની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે.

સદરહુ અરજ સબંધી કોઈપણ ઈસમને વાંધો તકરાર હોય તો તેઓ મુદત તારીખઃ ૫/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે અમરેલીનાં એડિશનલ જયુડીશ્યલ મેજીસ્ટેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ, અમરેલી (રૂમનંબર-૨૨૪) મુકામે તમામ સાધનિક આધાર પુરાવા સાથે બિનચુક હાજર રહેશો. તેમ કરવામા કસુર થશે તો આગળની કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૫ માહે નવે. સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી, (જી.એમ.પાથર) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી, (એમ.કે.મકવાણા) શિરસ્તેદાર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી, (યુ.પી.જોષી) રજિસ્ટાર ચિફ જયુડી.મેજી.કોર્ટ

બાબરામાં ગોપાલભાઈ વસ્તરપરાના ફાર્મહાઉસે જિલ્લા પંચાયત પ્રમુખે કરી શુભેચ્છા મુલાકાત

નવા વર્ષ નિમિત્તે પરિવાર સાથે મુલાકાત કરી, વિકાસ તેમજ ભાજપ સંગઠનને મજબૂત બનાવવા અંગે ચર્ચા


તસવીર : વિજય માળી

બાબરા,તા.૧૮

બાબરા ખાતે નવા વર્ષના પાવન અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાએ બાબરાનું ગૌરવ અને મીની સરદાર-ભામાશા તરીકે જાણીતા ગોપાલભાઈ વસ્તરપરાના ફાર્મ હાઉસે પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે નવા વર્ષની શુભકામનાઓની આપ-લે કરી હતી.મુલાકાત દરમિયાન બાબરા તાલુકા અને અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ જનસેવાના કાર્યોને વેગ આપવા અંગે પણ વિચારોની આપ-લે થઈ હતી. આ મુલાકાતે પરસ્પર સ્નેહ અને આત્મીયતાનો માહોલ સર્જ્યો હતો.

અકસ્માતમાં ફસાયેલ પ્રસૂતા અને નવજાત બાળકની વહારે આવતા હીરાભાઈ સોલંકી

રાજ્યપાલના કાર્યક્રમમાંથી પરત ફરતી વખતે કાફલો રોકી માતા અને બાળકને પોતાની ગાડીમાં બાબરકોટ પહોંચાડ્યાં

રાજુલા, તા.૧૮

રાજુલા તાલુકાના હિંડોરણા ચોકડી પાસે અકસ્માતમાં ફસાયેલ પ્રસૂતા મહિલા અને નવજાત શિશુની મદદે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી આવ્યા હતા. રાજ્યપાલના કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માતગ્રસ્ત મહિલા નજરે પડતાં તેમણે તાત્કાલિક પોતાનો કાફલો રોક્યો હતો.

મળતી માહિતી મુજબ, જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામનાં ગીતાબેન મહેશભાઈ ચૌહાણ રાજુલા ખાતે પ્રસૂતિ કરાવી નવજાત બાળક સાથે કારમાં પોતાના ગામ પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન



હિંડોરણા ચોકડી પાસે તેમની કારને અકસ્માત નડ્યો હતો. આ સમયે ત્યાંથી પસાર થતા હીરાભાઈ સોલંકીએ પ્રોટોકોલની પરવા કર્યા વગર માતા અને બાળકની મદદ કરી પોતાની ગાડીમાં બેસાડી પરિવારજનો સાથે સુરક્ષિત રીતે બાબરકોટ પહોંચાડ્યાં હતાં.

અમરેલીમાં ગુરુદત્ત પેટ્રોલપંપ પાસે પાર્ક કરેલા ટ્રકમાં અચાનક આગ ભભૂકી

અમરેલી,તા.૧૮

અમરેલી શહેરમાં ગુરુદત્ત પેટ્રોલપંપ નજીક ઊભા રાખેલા એક ટ્રકમાં અગમ્ય કારણોસર આગ લાગવાની ઘટના સામે આવી છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. મૂળ દાહોદના અને હાલ નાના આંકડીયા ખાતે રહેતા જામસિંગભાઈ પનજીભાઈ ડામોરની માલિકીનો અશોક લેલન્ડ કંપનીનો ટ્રક (રજી. નં. GJ-03-V-7979) તેમના ડ્રાઈવર ઉર્મિલભાઈએ ગુરુદત્ત પેટ્રોલપંપ પાસે પાર્ક કર્યો હતો. આ દરમિયાન ટ્રકમાં અચાનક આગ લાગી જતાં બોનેટ તેમજ ડાગળાનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે જાણવાજોગ નોંધ કરી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

લીલીયા મોટામાં વર્ષ ૧૯૮૫ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું, જૂની યાદો તાજી થઈ

લીલીયા,તા.૧૮



લીલીયા મોટાની શ્યામવાડી ખાતે દિવાળી પર્વ નિમિત્તે અમૃતબા વિદ્યાલયની વર્ષ ૧૯૮૫ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. રામજીભાઈ હોથી અને કિરીટભાઈ જેઠવાના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદેશ, મુંબઈ અને સુરતથી આવેલા ડોક્ટરો, અધિકારીઓ અને વેપારીઓ સહિતના મિત્રોએ પરિવાર સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. નીતિન ભટ્ટના ઓર્કેસ્ટ્રા ગ્રુપના સંગીત સથવારે સૌએ જૂની યાદો તાજી કરી રાસ-ગરબા, કપલ ડાન્સ, રમતો અને હાસ્ય-વિનોદનો આનંદ માણ્યો હતો તેમજ પોતાના જીવનના અનુભવો વહેંચ્યા હતા. કાર્યક્રમમાં ચેતનભાઈ મહેતા દ્વારા આઈસ્ક્રીમ અને દુલાભાઈ ચાવડા દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી, જ્યારે કાનાભાઈ શ્રદ્ધાવાળાએ સંચાલન કર્યું હતું. સંગીત ટીમના સન્માન સાથે આ પ્રસંગ જૂની મિત્રતાને મજબૂત બનાવતો યાદગાર બની રહ્યો હતો.

વડીયાની પરણિતાને જૂનાગઢના મધરવાડા ગામે સાસરિયાઓએ અમાનુષી ત્રાસ ગુજાર્યો

વડીયા,તા.૧૮

વડીયા રહેતી અને મૂળ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મધરવાડા ગામે પરણેલી યુવતીને સાસરિયાઓ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ફરીયાદી ધુડાબેન જીતેન્દ્રભાઈ ચૌહાણે વડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૭/૧૧/૨૦ના રોજ સાંજના આઠ વાગ્યે પતિ જયભાઈ પ્રવીણભાઈ ધુડા, સસરા પ્રવીણભાઈ ભીમાભાઈ ધુડા અને સાસુ કાળીબેન ભીમાભાઈ ધુડાએ ઘરકામ બાબતે મેણા-ટોણા માર્યા હતા. તેમજ પતિએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જેથી પરિણીતાએ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

રખડતા પશુઓ કોઈનો ભોગ લે તે પહેલા કાર્યવાહી કરવા માંગ

રાજુલાના વિકટર ગામ પાસે ખૂંટીયો આડો આવતાં બાઈક સ્લીપ થવાથી અકસ્માત

અમરેલી,તા.૧૮

રાજુલા તાલુકાના વિકટર ગામ પાસે હાઈવે રોડ પર અચાનક પશુ આડો આવવાથી સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાની ઘટના સામે આવી છે.મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી આ ઘટનામાં, સાહેદ રોહિતભાઈ હરસુરભાઈ બુધેલીયા પોતાનું મોટરસાઈકલ લઈને ચાંચબંદર તરફ જઈ રહ્યા હતા. તેમની સાથે અન્ય ઈજા પામનાર વ્યક્તિ પણ સવાર હતી. તેઓ બાલાનીવાવથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન વિકટર ગામે સમર્પણ હોસ્પિટલ પાસે અચાનક રસ્તા વચ્ચે ખૂંટીયો આડો આવી ગયો હતો.

ખૂંટીયો અચાનક સામે આવી જતાં ચાલકે બાઈકને અચાનક બ્રેક મારી હતી, જેના કારણે મોટરસાઈકલ સ્લીપ થઈ ગયું હતું.

આ અકસ્માતમાં અન્ય એક યુવાનને પણ ઈજા પહોંચતા બંનેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

બગસરાના નટવરનગરમાં કોર્ટ મેરેજની અદાવતમાં યુવતીના અપહરણનો પ્રયાસ

બીજી યુવતી હોવાની જાણ થતા કારમાંથી ધક્કો મારી આરોપીઓ ફરાર

બગસરા,તા.૧૮

બગસરા તાલુકાના નટવરનગર ગામે પ્રેમલગ્નની અદાવત રાખીને પરિણીતાને બદલે તેની નણંદનું અપહરણ કરવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે કિંજલબેન કરશનભાઈ મેવાડાએ લાલભાઈ ગમારા, ગોપાલભાઈ લામકા સહિત પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના ભાઈએ બે મહિના પહેલાં મીઠાપુરની પાર્વતી સાથે પરિવારની મરજી વિરુધ્ધ કોર્ટ મેરેજ કર્યા હતા. જેનું મનદુઃખ રાખી ગત તા. ૧૭/૧૧/૨૦૨૬ ની મધ્યરાત્રિએ આરોપીઓ કાળી સ્કોર્પિયો કાર (GJ-13-CB-5290) માં આવ્યા હતા. તેઓ દિવાલ કૂદી ઘરમાં પ્રવેશ્યા અને પાર્વતી સમજીને રૂમનો નકૂચો તોડી કિંજલબેનને વાળ પકડી ઢસડીને કારમાં બેસાડી દીધા હતા. યુવતીએ બૂમાબૂમ કરતાં લોકો એકઠા થઈ ગયા હતા. દરમિયાન કારમાં બેઠેલા ગોપાલભાઈ લામકાને ખ્યાલ આવ્યો કે આ પાર્વતી નહીં પરંતુ કિંજલબેન છે. જેથી આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી કારમાંથી નીચે ધક્કો મારી નાસી છૂટ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: નોમ
તા.૧૯-૧૧-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૪૬,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

દૈનિક રાશિફળ

તા.૧૯-૧૧-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો.

મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે.

સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે.

કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો.

તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઇચ્છે છે તે તમારી આસપાસ દેખાશે.

કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે.

મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તો આજે ટાળો.

બાબરા પંથકમાં વીજ ટ્રાન્સફોર્મરમાં બે સ્થળોએથી કોપર અને ઓઈલ ચોરાયા

તસ્કરોના તરખાટ સામે પોલીસની કામગીરી સામે સવાલો!

અમરેલી,તા.૧૮

બાબરા પંથકમાં વીજ ચોરી અને તસ્કરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. તાજેતરમાં બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તસ્કરોએ પી.જી.વી.સી.એલ. (PGVCL) ના ટ્રાન્સફોર્મરને નિશાન બનાવી લાખોની કિંમતના સાધનો ચોરી કરી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

પી.જી.વી.સી.એલ. બાબરા શહેર કચેરીના નાયબ ઈજનેર જીગરકુમાર વિનુભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૦૭/૧૧/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે ભાવનગર-રાજકોટ હાઈવે પર અજાણ્યા તસ્કરોએ બે અલગ-અલગ જગ્યાએ તરખાટ મચાવ્યો હતો.જેમાં વેલનાથ ઢાબાની સામે આવેલ 11KV વીજ પોલ પરના 5 KVA ના ટ્રાન્સફોર્મરમાંથી ચોરી થઈ હતી તો વઢાવિયા હનુમાનજી દાદાના મંદિર સામે આવેલ વીજ પોલ પરના 5 KVA ના ટ્રાન્સફોર્મરને નિશાન બનાવવામાં આવ્યું હતુ. અજાણ્યા ચોર ઈસમોએ બંને ટ્રાન્સફોર્મરના દરવાજા તોડીને તેની અંદર રહેલી કિંમતી કોપર (તાંબા) ની કોઈલો તેમજ ટ્રાન્સફોર્મર ઓઈલ મળીને કુલ અંદાજિત રૂ. ૧૬,૦૦૦/- ની મિલકતની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ મામલે બાબરા પોલીસે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

રાજુલામાં જાહેર રોડ પર પૂરઝડપે બુલેટ ચલાવતો યુવક ઝડપાયો

પોલીસે વંડા ગામના યુવક સામે ગૂનો નોંધ્યો

અમરેલી,તા.૧૮

રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેર જનતાની જિંદગી જોખમાય તે રીતે પૂરઝડપે બાઈક ચલાવતા એક યુવક સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તા.૧૭/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યાના અરસામાં રાજુલા પોલીસ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સાવરકુંડલા તાલુકાના વંડા ગામનો રહેવાસી નિકુલકુમાર વિનુભાઈ પનારા પોતાનું કાળા રંગનું રોયલ એનફિલ્ડ બુલેટ ૩૫૦ (રજી. નં. GJ-01-SY-5568) જાહેર રસ્તા પર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવતા મળી આવ્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમરેલીના નાના ભંડારીયામાં વાડીમાંથી રૂ. ૨.૪૫ લાખની ૩ ભેંસોની ચોરી

તસ્કરોએ હવે પશુઓને નિશાન બનાવાનુ શરૂ કર્યુ

અમરેલી,તા.૧૮

અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે ખેડૂતની વાડીને નિશાન બનાવી તસ્કરો ત્રણ ભેંસો ચોરી ગયા હોવાની ઘટના સામે આવી છે.નાના ભંડારીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા જગદીશભાઈ ગોવિંદભાઈ ત્રાપસીયાની વાડીના ફળિયામાં બાંધેલી ભેંસોની ચોરી થઈ છે. ગત તા. ૧૬/૧૧/૨૦૨૬ ના રાત્રિના ૧૦ વાગ્યાથી તા. ૧૭/૧૧/૨૦૨૬ ના સવારના ૬ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ વાડીમાં અપપ્રવેશ કર્યો હતો.તસ્કરો રૂ. ૧,૨૫,૦૦૦/- ની કિંમતની એક મોટી ભેંસ અને રૂ. ૬૦,૦૦૦/- ની કિંમતની બે નાની (ખડાયા) ભેંસો મળીને કુલ રૂ. ૨,૪૫,૦૦૦/- ની કિંમતના ત્રણ પશુઓ ચોરી ગયા છે. આ મામલે પોલીસે અજાણ્યા ચોર વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમરેલી જિલ્લામાં નશાખારો સામે પોલીસની કાર્યવાહી

જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં ૭ શખ્સો ઝડપાયા, પોલીસે ગૂનો નોંધ્યો

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા પોલીસે દારૂબંધીના કડક અમલ માટે હાથ ધરેલી ઝુંબેશ અંતર્ગત ગત તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા કુલ ૭ શખ્સોને ઝડપી પાડ્યા છે.

પોલીસે પેટ્રોલિંગ દરમિયાન અલગ-અલગ સ્થળોએથી આરોપીઓને પકડી પાડ્યા હતા. જેમાં ખાંભા વિસ્તારમાંથી રાજેશ મનજીભાઈ રાઠોડ, ધારીના સરસીયા ગામેથી સવજી નાનજીભાઈ દાફડા, બાબરાના અમરાપરામાંથી મહેશ હરજીભાઈ મકવાણા, અમરેલી રૂરલના જશવંતગઢથી પાર્થ રાજેશભાઈ રાવલ અને ચલાલામાંથી વનરાજ નાનજીભાઈ ચાવડા ઝડપાયા હતા. આ ઉપરાંત ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે અલગ-અલગ સ્થળોએથી ભીમજી જવેરભાઈ શિયાળ અને જેન્તી સોંડાભાઈ ધુંધળવાને નશાની હાલતમાં પકડી પાડવામાં આવ્યા હતા.તમામ ૭ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)બી મુજબ ગુનો નોંધીને પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તંત્રી લેખ

અમેરિકાની ચૂંટણી ઉપર દુનિયાની નજર

અમેરિકાની રાજનીતિમાં અત્યારે મોટા પરિવર્તનનાં સંકેતો જોવા મળી રહ્યા છે. એક સમયે પોતાની આર્થિક શક્તિ, લોકશાહી વ્યવસ્થા અને વૈશ્વિક પ્રભાવ માટે ઓળખાતા અમેરિકામાં આજે સામાન્ય નાગરિકો પોતાના ભવિષ્યને લઈને ચિંતિત છે. વધતી મોંઘવારી, જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ અને સરકારની નીતિઓ પ્રત્યેનો અસંતોષ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પડકાર બની રહ્યો છે. તાજેતરના સર્વેક્ષણોમાં ટ્રમ્પની લોકપ્રિયતા ઘટીને આશરે ૩૨ ટકા સુધી પહોંચી હોવાના અહેવાલો સામે આવ્યા છે. રોઇટર્સ-ઇપ્સોસ અને ઇકોનોમિસ્ટ-યુગોવના સર્વેક્ષણોમાં પણ સતત નબળા સમર્થનના સંકેતો મળ્યા છે. પેટ્રોલ, દૂધ, ઈંડાં, શાકભાજી અને દવાઓના વધતા ભાવથી સામાન્ય પરિવારોનું બજેટ ખોરવાઈ રહ્યું છે. ઈરાન સાથેના તણાવ અને યુધ્ધ જેવી સ્થિતિએ પણ આર્થિક ચિંતાઓ વધારી છે. અમેરિકાની નીતિઓ સામે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. ફિલિપાઈન્સની રાજધાની મનિલામાં આસિયાન શિખર સંમેલન દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિના આગમન સામે વિરોધ પ્રદર્શનો યોજાયાં હતાં. ૧૫ નવેમ્બરે સેંકડો લોકો રસ્તા પર ઉતર્યા હતા, જ્યારે ૧૭ નવેમ્બરે હજારો લોકોએ રેલીમાં ભાગ લીધો હતો. યુવાનો, વિદ્યાર્થીઓ, મજૂર સંગઠનો અને સામાજિક કાર્યકરોએ અમેરિકાની વિદેશ નીતિ તથા એશિયામાં તેના વધતા પ્રભાવ સામે નારાજગી વ્યક્ત કરી હતી. પેક્સ સિલિકા જેવી યોજનાઓ સામે પણ વિરોધ નોંધાયો હતો. આ ઘટનાએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિને હવે માત્ર પોતાના દેશમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નીતિઓ અંગે સવાલોનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકાની આગામી મધ્યસત્ર ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. વિવિધ સર્વેક્ષણોમાં ડેમોક્રેટિક પક્ષને જેનેરિક બેલેટમાં આશરે ૫૨ ટકા સમર્થન મળતું હોવાનું દર્શાવાયું છે, જ્યારે રિપબ્લિકન પક્ષ ૪૩થી ૪૫ ટકાની આસપાસ છે. આ તફાવત સત્તાધારી પક્ષ માટે ચિંતાનો વિષય બન્યો છે. મતદાન પ્રત્યેના ઉત્સાહમાં પણ ડેમોક્રેટિક મતદારો આગળ હોવાનું સર્વેક્ષણોમાં સામે આવ્યું છે. ડેમોક્રેટિક મતદારોમાં ૪૯ ટકા મતદારો મતદાન માટે અત્યંત ઉત્સાહી છે, જ્યારે રિપબ્લિકન મતદારોમાં આ પ્રમાણ ૩૩ ટકા હોવાનું જણાવાયું છે. રિપબ્લિકન પક્ષની અંદર પણ ટ્રમ્પની રાજકીય શૈલીને લઈને મતભેદ ઊભા થયા છે. પક્ષનો એક વર્ગ તેમની આક્રમક રાજકીય શૈલીને પક્ષની ઓળખ માને છે, જ્યારે બીજા વર્ગનું માનવું છે કે આ અભિગમ મધ્યમવર્ગના મતદારોને દૂર કરી રહ્યો છે. કેટલાક સાંસદો અને ગવર્નરો સ્થાનિક વિકાસના મુદ્દાઓને પ્રાધાન્ય આપી ટ્રમ્પથી અંતર જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પ પછી પક્ષનું નેતૃત્વ કોણ સંભાળશે તે પ્રશ્ન પણ ચર્ચામાં છે. બીજી તરફ ડેમોક્રેટિક પક્ષ મોંઘવારી ઘટાડવા, રોજગારી વધારવા, આરોગ્ય સેવાઓ સસ્તી બનાવવા અને લોકશાહીની રક્ષા જેવા મુદ્દાઓ સાથે જનતાનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરી રહ્યો છે. યુવાનો, મહિલાઓ, શિક્ષકો, ડોક્ટરો અને નાના વેપારીઓને જોડવાની રણનીતિ અપનાવવામાં આવી રહી છે. જોકે પક્ષ પાસે હજુ સર્વ સ્વીકૃત મજબૂત નેતૃત્વનો અભાવ છે. ઉદારવાદી અને મધ્યમમાર્ગી જૂથો વચ્ચેના મતભેદ દૂર કરી સ્પષ્ટ ચૂંટણીલક્ષી કાર્યક્રમ રજૂ કરવો તેના માટે જરૂરી બનશે. અમેરિકા આજે વિભાજન અને એકતા એમ બે માર્ગો વચ્ચે ઊભું છે. દેશના આંતરિક પ્રશ્નો અને રાજકીય ધ્રુવીકરણ વચ્ચે નેતાઓએ જનતાની મૂળભૂત જરૂરિયાતો પર ધ્યાન આપવું પડશે. રોજગારી, સસ્તું આરોગ્ય, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સુરક્ષિત ભવિષ્ય મતદારોની પ્રાથમિકતા બની રહ્યાં છે.

લીલી પરિક્રમા એટલે પગપાળા શ્રધ્ધાની યાત્રા



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

લીલી પરિક્રમા એટલે ગિરનાર પર્વતની ફરતે પગપાળા કરવામાં આવતી યાત્રા. આ યાત્રામાં ભક્તો પર્વતને વચ્ચે રાખીને તેની પ્રદક્ષિણા કરે છે. જેમ મંદિરમાં દેવની આસપાસ ફરીને પ્રદક્ષિણા કરવામાં આવે છે તેમ અહીં આખા પર્વતની આસપાસ ફરવામાં આવે છે. આ યાત્રાનો રસ્તો લગભગ છત્રીસ કિલોમીટર લાંબો છે. આ રસ્તો જંગલમાંથી પસાર થાય છે. તેમાં નાના રસ્તા, પથરાળ માર્ગ, ટેકરીઓ અને નદીના પટ આવે છે. આ યાત્રા કારતક મહિનામાં થાય છે. દેવઊઠી એકાદશીની રાત્રે બાર વાગે તેનો દરવાજો ખૂલે છે અને લાખો લોકો એકસાથે ચાલવાનું શરૂ કરે છે. આ યાત્રા ત્રણ દિવસ ચાલે છે. કેટલાક લોકો એક જ દિવસમાં પૂરી કરે છે, કેટલાક લોકો બે દિવસ લે છે અને કેટલાક લોકો આરામથી ત્રણ દિવસમાં પૂરી કરે છે. આ યાત્રામાં કોઈ વાહનનો ઉપયોગ થતો નથી. બધાએ પોતાના પગે જ ચાલવાનું હોય છે. આ જ તેની સાચી ઓળખ છે.

લીલી પરિક્રમા શબ્દનો અર્થ પણ સમજવા જેવો છે. ચોમાસા પછી ગિરનારનું જંગલ લીલુંછમ બની જાય છે. ચારે બાજુ લીલું ઘાસ, લીલાં ઝાડ અને લીલી વેલો દેખાય છે. તેથી આ યાત્રાને લીલી પરિક્રમા કહેવામાં આવે છે. આ સમયે જંગલમાં ઠંડી હવા વહે છે. રાત્રે ચાલતી વખતે તારાઓ દેખાય છે. સવારે પક્ષીઓનો અવાજ સંભળાય છે. આખો રસ્તો જાણે કોઈ મોટા મેળા જેવો લાગે છે. લાખો લોકો એકસાથે ચાલતા હોય છે. કોઈ ભજન ગાતું હોય છે, કોઈ રામનું નામ લેતું હોય છે, કોઈ શાંતિથી ચાલતું હોય છે. બધાના મનમાં એક જ ભાવ હોય છે કે પરિક્રમા પૂરી કરવી છે. આ યાત્રામાં નાના બાળકો પણ હોય છે, વૃધ્ધ લોકો પણ હોય છે, સ્ત્રીઓ પણ હોય છે અને પુરુષો પણ હોય છે. કોઈ અમીર નથી હોતું, કોઈ ગરીબ નથી હોતું. બધા જ સરખા લાગે છે. બધાના પગમાં ધૂળ લાગે છે, બધાના કપડાં પર પરસેવો થાય છે, પણ બધાના ચહેરા પર આનંદ હોય છે. આ આનંદ જ આ યાત્રાની સૌથી મોટી શક્તિ છે.

આ પરિક્રમાનો રસ્તો ભવનાથ તળેટીથી શરૂ થાય છે. ભવનાથથી આગળ વધતાં જ જંગલ શરૂ થાય છે. થોડું આગળ ચાલતાં જીણાબાવાની મઢી આવે છે. અહીં લોકો થોડી વાર બેસે છે, પાણી પીએ છે અને આરામ કરે છે. ત્યારબાદ માળવેલા આવે છે. આ જગ્યા થોડી ઊંચી નીચી છે. અહીં ચાલતી વખતે થાક વધુ લાગે છે. ત્યારબાદ બોરદેવી આવે છે. અહીં જંગલ વધુ ઘાટું લાગે છે. ત્યારબાદ નળપાણીની ઘોડી આવે છે. અહીં પાણીની વ્યવસ્થા હોય છે. લોકો અહીં પગ ધુએ છે અને થોડી વાર આરામ કરે છે. ત્યારબાદ સરકડીયા હનુમાન આવે છે. અહીં હનુમાનજીનું મંદિર છે. લોકો અહીં દર્શન કરે છે. ત્યારબાદ ફરી ભવનાથ આવી જાય છે. આ રીતે આખી પરિક્રમા પૂરી થાય છે. આ રસ્તામાં ઘણી જગ્યાએ લોકોને બેસવા માટેની જગ્યા મળે છે. ઘણી જગ્યાએ પાણી મળે છે. ઘણી જગ્યાએ ભોજન પણ મળે છે. આ બધું જ સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવે છે. તેઓ પોતાના ખર્ચે આ સેવા કરે છે. તેમને આ સેવા કરવામાં આનંદ મળે છે.

લીલી પરિક્રમામાં અન્નક્ષેત્રનું ખૂબ જ મહત્વ છે. જંગલમાં ચાલતા લોકોને ભૂખ લાગે છે. તેમને તરસ લાગે છે. તેવા સમયે અન્નક્ષેત્ર તેમને મદદ કરે છે. અન્નક્ષેત્રમાં સવારે ચા અને નાસ્તો મળે છે. બપોરે દાળ, ભાત, શાક અને રોટલી મળે છે. સાંજે પણ ભોજન મળે છે. કોઈ પણ વ્યક્તિ ત્યાં જઈને જમી શકે છે. તેની પાસે પૈસા હોય કે ન હોય, તેનાથી કોઈ ફરક પડતો નથી. અહીં કોઈને પૂછવામાં આવતું નથી કે તમે કોણ છો, ક્યાંથી આવ્યા છો. માત્ર એટલું જ પૂછવામાં આવે છે કે તમે જમ્યા કે નહીં. આ ભાવના જ પરિક્રમાને મહાન બનાવે છે. કેટલાક લોકો પોતાના ઘરેથી રોટલા બનાવીને લાવે છે અને રસ્તામાં વહેંચે છે. કેટલાક લોકો પાણીની બોટલ વહેંચે છે. કેટલાક લોકો દવા આપે છે. કેટલાક લોકો પગ દબાવી આપે છે. આ બધી સેવા નિઃસ્વાર્થ ભાવે થાય છે. આ સેવા જોઈને એવું લાગે છે કે માણસાઈ હજુ જીવે છે.

આ યાત્રામાં લોકો શા માટે આવે છે તેનો જવાબ પણ સરળ છે. કેટલાક લોકો માનતા માનીને આવે છે. કેટલાક લોકો મનની શાંતિ માટે આવે છે. કેટલાક લોકો પોતાના પરિવારની સુખાકારી માટે આવે છે. કેટલાક લોકો માત્ર ફરવા માટે આવે છે. કેટલાક લોકો મિત્રો સાથે આવે છે. કેટલાક લોકો એકલા આવે છે. દરેકનો હેતુ જુદો હોય છે પણ રસ્તો એક જ હોય છે. આ રસ્તા પર ચાલતી વખતે લોકોને પોતાના જીવન વિશે વિચારવાનો સમય મળે છે. રોજના કામકાજમાંથી છૂટીને તેઓ પોતાની જાત સાથે વાત કરી શકે છે. જંગલની શાંતિમાં તેમને પોતાના મનનો અવાજ સંભળાય છે. ઘણા લોકો કહે છે કે પરિક્રમા પૂરી કર્યા પછી તેમને નવી શક્તિ મળે છે. તેમનો થાક ઉતરી જાય છે. તેમનું મન હળવું થઈ જાય છે. તેમને એવું લાગે છે કે જાણે તેમણે કોઈ મોટું કામ પૂરું કર્યું છે. આ લાગણી જ તેમને દર વર્ષે ફરી પાછા આવવા માટે મજબૂર કરે છે.

લીલી પરિક્રમામાં ચાલવું સહેલું નથી. આ રસ્તો લાંબો છે. તેમાં ચઢાણ છે, ઉતરાણ છે. રાત્રે અંધારું હોય છે. પગ દુઃખે છે. ક્યારેક પગમાં ફોલ્લા પડી જાય છે. ક્યારેક તરસ લાગે છે. ક્યારેક ઠંડી લાગે છે. પણ લોકો હિંમત નથી હારતા. તેઓ એકબીજાને મદદ કરે છે. જો કોઈ થાકી જાય તો બીજો તેનો હાથ પકડીને આગળ લઈ જાય છે. જો કોઈને પાણી ન મળે તો બીજો પોતાનું પાણી આપી દે છે. જો કોઈ રસ્તો ભૂલી જાય તો બીજો તેને રસ્તો બતાવે છે. આ મદદની ભાવના જ આ યાત્રાને જીવંત રાખે છે. આ યાત્રામાં લોકોને ધીરજ શીખવા મળે છે. તેમને એવું સમજાય છે કે જીવનમાં પણ આમ જ ચાલવું પડે છે. જીવનમાં પણ થાક લાગે છે, મુશ્કેલી આવે છે, પણ જો હિંમત રાખીએ તો મંઝિલ મળી જાય છે. પરિક્રમા આ વાતને ખૂબ જ સરળ રીતે સમજાવી દે છે. આ યાત્રાનો બીજો એક મોટો અર્થ એ છે કે તે લોકોને એકબીજા સાથે જોડે છે. આ યાત્રામાં ગુજરાતના દરેક ખૂણેથી લોકો આવે છે. સૌરાષ્ટ્રથી, કચ્છથી, ઉત્તર ગુજરાતથી, મધ્ય ગુજરાતથી અને દક્ષિણ ગુજરાતથી લોકો આવે છે. ગુજરાત બહારથી પણ લોકો આવે છે. મહારાષ્ટ્રથી, રાજસ્થાનથી, મધ્યપ્રદેશથી અને દિલ્હીથી પણ લોકો આવે છે. બધા લોકો એકસાથે ચાલે છે. તેમની ભાષા જુદી હોય છે, તેમનો પહેરવેશ જુદો હોય છે, તેમનું ખાવાનું જુદું હોય છે, પણ તેમનો ભાવ એક જ હોય છે. આ એકતા જ ભારતની સાચી તાકાત છે. આ યાત્રામાં લોકો નવા મિત્રો બનાવે છે. તેઓ એકબીજાના સુખદુઃખની વાતો કરે છે. તેઓ એકબીજાને પોતાના ગામની વાતો કહે છે. આ રીતે એક નવો સંબંધ બંધાય છે. આ સંબંધ યાત્રા પૂરી થયા પછી પણ રહે છે. ઘણા લોકો દર વર્ષે એક જ સમયે મળે છે અને સાથે જ પરિક્રમા કરે છે. આ તેમની એક પરંપરા બની ગઈ છે.

લીલી પરિક્રમા એટલે માત્ર ચાલવું નહીં, તે એક અનુભવ છે. તે એક એવો અનુભવ છે જેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તેને માત્ર અનુભવી શકાય છે. જે વ્યક્તિ એક વખત આ પરિક્રમા કરે છે તે તેને ક્યારેય ભૂલી શકતો નથી. તેને જંગલની હવા યાદ રહે છે. તેને રસ્તામાં મળેલા લોકો યાદ રહે છે. તેને અન્નક્ષેત્રનો સ્વાદ યાદ રહે છે. તેને રાત્રે દેખાતા તારા યાદ રહે છે. તેને સવારે સંભળાતા પક્ષીઓના અવાજ યાદ રહે છે. આ બધી યાદો તેના મનમાં કાયમ માટે રહી જાય છે. આ યાત્રા લોકોને સાદું જીવન જીવતા શીખવે છે. આ યાત્રામાં લોકોને ખબર પડે છે કે જીવન માટે બહુ વસ્તુઓની જરૂર નથી. થોડું પાણી, થોડું ભોજન અને થોડો પ્રેમ પૂરતો છે. આ સમજ જ જીવનને સરળ બનાવી દે છે. તેથી જ દર વર્ષે લાખો લોકો આ યાત્રામાં જોડાય છે. તેઓ જાણે છે કે આ યાત્રા તેમને કંઈક નવું આપશે. તે તેમના મનને શાંત કરશે, તેમના હૃદયને મોટું કરશે અને તેમના જીવનને નવી દિશા આપશે. લીલી પરિક્રમા આમ જ વર્ષો વર્ષ ચાલતી રહેશે અને લોકોને જોડતી રહેશે.

ગિરનારનો પહાડ અને લીલીછમ ટેકરીઓ, ઝરણાંનો મીઠો અવાજ અને શિખરો પરની શ્રધ્ધા મનને શાંત કરે છે. અહીં ભક્તિની હવા વહે છે. છત્રીસ કિલોમીટરની લીલી પરિક્રમા ભવનાથથી શરૂ થઈ ભવનાથ પર પૂરી થાય છે. જંગલની વચ્ચે અન્નક્ષેત્ર, માનવતા, ધીરજ અને સાદા જીવનનો અનુભવ થાય છે. ચાલવું એ ભક્તિ અને પ્રાર્થના બની જાય છે.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

ગોંડલ

કપાસ	૧૭૫૧	૧૮૮૬
ઘઉં લોકવન	૫૯૦	૬૬૨
ઘઉં ટુકડા	૫૮૦	૭૨૮
મગફળી જીણી	૧૦૭૧	૧૭૫૬
સિંગદાણા જાડા	૧૮૦૦	૨૨૯૧
સિંગ ફાડીયા	૧૧૦૦	૨૨૦૧
એરંડા / એરંડી	૧૧૫૧	૧૬૧૧
તલ કાળા	૨૮૫૧	૩૮૭૬
જીરૂ	૨૪૫૧	૫૫૦૧
કલંજી	૩૦૦૧	૫૨૫૧
ધાણા	૨૫૦૦	૩૨૬૧
લસણ સુકું	૧૦૧૧	૨૪૬૧
ડુંગળી લાલ	૨૨૧	૯૪૧
અડદ	૭૦૦	૧૯૩૧
તુવેર	૮૦૦	૧૯૯૧
રાય	૧૫૬૧	૧૫૬૧
મેથી	૧૫૦૦	૧૫૦૦
મરચા	૨૪૦૧	૬૪૦૧
મગફળી જાડી	૧૦૩૧	૧૬૯૧
સફેદ ચણા	૧૧૫૧	૨૪૧૧
મગફળી દૂદ	૧૧૧૧	૧૯૪૬
તલ - તલી	૨૮૦૧	૩૪૫૧
ધાણી	૩૦૦૦	૩૪૬૧
ડુંગળી સફેદ	૧૦૧	૬૯૧
બાજરો	૩૦૧	૫૪૧
જુવાર	૫૦૦	૧૨૦૦
મકાઇ	૫૮૧	૬૦૧
મગ	૮૦૧	૧૬૭૧
ચણા	૧૧૧૧	૧૫૨૬
વાલ	૧૬૨૬	૧૬૨૬
ચોળા / ચોળી	૫૦૦	૧૫૫૧
રજકાનું બી	૧૦૦૦	૧૦૦૦
અજમાં	૨૯૦૧	૨૯૦૧
ગોગળી	૧૧૦૦	૧૪૬૧
વટાણા	૪૦૧	૮૭૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૪૦૦
મરચા	૨૦૦	૧૨૦૦
ગુવાર	૨૦૦	૧૪૦૦
કોબી	૨૦	૧૪૦
દુધી	૧૦૦	૪૦૦
ફલાવર	૫૦	૩૦૦
કાકડી	૧૦૦	૧૨૦૦
રીંગણા	૧૦૦	૪૦૦
ભીંડો	૨૦૦	૯૦૦
ગલકા	૧૮૦	૭૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૧૬૦	૫૦૦
તુવેર	૧૮૦	૮૦૦
વાલ	૨૦૦	૧૩૦૦
વટાણા	૧૦૦૦	૧૪૦૦
શક્કરીયા	૨૦૦	૬૦૦
કેરી કાચી	૨૦૦૦	૩૦૦૦
બટેટા	૧૫૦	૨૬૦
લીલી હળદર	૫૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૦
તાંજરીયા પુરા	૨	૮
કોથમીર પુરા	૧	૪
મૂળા પુરા	૫	૧૦
ફોદીનો પુરા	૧	૫
કાચા કેળા	૧૬૦	૨૦૦
ચૂરણ	૨૦૦	૮૦૦
પરવર	૮૦૦	૧૦૦૦
ઘીસોડા	૨૦૦	૧૨૦૦
લીંબુ	૨૦૦	૧૪૦૦
મેથી પુરા	૩	૧૦
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૮૦	૧૦૦૦
કારેલા	૨૦૦	૪૦૦
વાલોર	૧૮૦	૬૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૨૦૦	૧૪૦૦
મકાઈ ડોડા	૧૬૦	૪૦૦
લસણ પુરા	૧૫	૨૫
પાલક પુરા	૨	૫

અમરેલી

શિંગ મઠડી	૧૪૪૦	૧૫૫૦
શિંગ ગીરનાર	૧૧૦૦	૧૫૪૫
શિંગ મોટી	૧૨૦૦	૧૬૪૫
શિંગદાણા ફાડા	૧૫૬૦	૧૯૬૦
તલ સફેદ	૨૩૦૦	૩૬૯૦
તલ કાળા	૨૫૦૦	૧૦૮૦
તલ કાશમીરી	૩૧૫૦	૩૩૦૦
બાજરો	૬૦૦	૬૧૫
ઘઉં ટુકડા	૫૫૫	૭૯૫
ઘઉં લોકવન	૫૭૦	૬૪૫
અડદ	૧૫૦૦	૧૭૫૦
ચણા	૧૨૦૦	૧૫૬૦
કપાસ	૧૩૦૦	૧૯૩૦
એરંડા	૧૩૫૦	૧૫૬૦
જીરૂ	૪૮૧૦	૫૨૬૫
ધાણી	૧૧૨૫	૧૪૬૫
સોયાબીન	૬૩૦૦	૮૬૭૦
રજકાનું બી	૬૩૦૦	૮૬૭૦
મરચા લાંબા	૨૨૪૦	૫૬૭૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૨૦	૨૮૦
રીંગણા	૨૦૦	૪૦૦
ફલાવર	૨૧૦	૨૬૦
કોબીજ	૧૦૦	૧૮૦
શક્કરીયા	૮૦૦	૯૯૦
ટમેટાં	૪૦૦	૫૦૦
સુરણ	૯૪૦	૧૦૨૦
ગાજર	૭૦૦	૮૦૦
દુધી	૩૦૦	૫૦૦
કારેલા	૩૦૦	૫૦૦
ગલકા	૫૦૦	૬૧૦
મૂળા	૨૦૦	૩૦૦
કાકડી	૫૦૦	૭૫૦
ગુવાર	૫૦૦	૮૦૦
વાલોળ	૪૨૦	૫૨૦
વટાણા	૧૦૦૦	૨૦૦૦
ચોળા લીલા	૪૦૦	૮૦૦
તુરીયા	૮૦૦	૧૦૦૦
ચીભડા	૭૦૦	૧૦૦૦
લીલી તુવેર	૬૫૦	૮૫૦
ભીંડો	૬૦૦	૮૦૦
લીલી હળદર	૮૦૦	૯૦૦
આદુ	૧૧૦૦	૧૧૫૦
કોથમીર	૮૦૦	૧૨૦૦
મેથીભાજી	૩૫૦	૪૫૦
ફોદીનો	૭૫૦	૮૮૦
ટીંડોરા	૫૨૦	૬૨૦
બીટ	૫૦૦	૬૫૦
વાલ	૧૦૦	૧૧૦૦
સરગવો	૬૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચાં લીલાં	૪૦૦	૧૨૦૦
મરચાં લાલ	૫૦૦	૧૦૦૦
ડુંગળી લીલી	૪૦૦	૫૦૦
ડુંગળી સુકી	૪૦૦	૮૦૦
લસણ લીલું	૫૦૦૦	૬૦૦૦
લસણ સુકું	૧૫૦૦	૨૪૦૦
પાલક	૫૦૦	૬૦૦
લીંબુ	૧૦૦૦	૧૫૦૦
મકાઈ	૨૫૦	૪૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
શીંગ મોટી	૧૩૫૦	૧૬૭૧
તલ સફેદ	૩૩૫૦	૩૭૪૫
તલ કાળા	૩૪૦૦	૩૮૨૦
જીરૂ	૫૦૦૦	૫૪૪૧
કપાસ	૧૮૫૦	૧૯૦૦
ઘઉં લોકવન	૫૬૦	૬૨૫
ઘઉં ટુકડા	૬૦૦	૬૫૫
બાજરો	૪૦૦	૫૯૧
જુવાર	૮૫૦	૧૦૭૦
મગ	૧૨૦૦	૧૪૫૧
અડદ	૧૬૫૦	૨૦૦૦
ચણા	૧૩૦૦	૧૪૮૪
દેશી ચણા	૧૨૦૦	૧૪૦૦
તુવેર	૧૩૫૦	૧૬૫૦
મેથી	૧૦૫૦	૧૪૨૦
સોયાબીન	૧૩૭૦	૧૪૭૫

ધારી

કપાસ	૧૬૭૦	૧૯૦૬
મગફળી	૧૧૯૫	૧૫૬૫
ઘઉં	૫૪૦	૫૪૬
ચણા	૧૨૫૦	૧૪૬૫
તુવેર	૧૪૦૦	૧૪૦૦
ધાણા	૨૬૦૦	૨૮૦૦
તલ સફેદ	૩૧૦૦	૩૨૦૧
ક્લોંજી	૩૪૦૦	૩૫૦૦
અડદ	૧૫૪૫	૧૭૮૧
મઠ	૯૫૦	૯૫૦
સોયાબીન	૧૩૧૫	૧૪૧૫

બગસરા

કપાસ	૧૭૫૦	૧૯૩૨
ઘઉં લોકવન	૪૬૦	૬૨૫
ઘઉં ટુકડા	૫૭૦	૬૩૧
મગફળી	૧૨૦૦	૧૪૫૦
ચણા	૧૪૨૦	૧૪૩૪
સોયાબીન	૧૧૦૦	૧૪૪૦
એરંડા	૧૨૦૦	૧૨૦૦
લસણ	૧૨૨૦	૧૮૮૦
ચણા સફેદ	૧૩૪૫	૧૪૯૦
ધાણા	૩૦૦૦	૩૧૬૫
અડદ	૧૪૦૫	૧૪૦૫
અળસી	૧૩૯૦	૧૩૯૦
શીંગદાણા	૧૫૦૦	૧૬૨૦

બાબરા

કપાસ	૧૮૧૦	૧૯૨૫
કપાસ મીડીયમ	૧૬૧૦	૧૭૮૦
મગફળી	૧૪૧૦	૧૫૫૧
તલ કાળા	૩૬૮૦	૪૧૦૦
જીરૂ	૪૮૪૦	૫૩૫૫
ચણા	૧૪૧૧	૧૪૬૫
અડદ	૧૬૩૦	૧૮૦૫
સોયાબીન	૧૪૮૦	૧૫૦૫

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૯૦૧
ઘઉં	૫૦૧	૬૦૧
મગ	૧૯૦૧	૧૯૦૧
ચણા	૧૦૦૧	૧૪૪૧
અડદ	૯૦૧	૧૩૯૧
તુવેર	૧૧૦૧	૧૬૦૧
મગફળી	૭૦૧	૧૬૨૬
શીંગફાડા	૧૪૦૧	૧૭૫૧
મેથી	૧૨૦૧	૧૨૦૧
ધાણા	૨૦૦૧	૩૧૧૬
લસણ	૫૦૧	૨૦૫૧
સોયાબીન	૮૦૧	૧૪૮૬

મહુવા

શીંગ ગીરનારી	૧૧૦૦	૧૬૪૦
શીંગ દૂદ	૧૩૦૦	૧૮૦૯
શીંગ ૩૯	૧૦૦૦	૧૫૫૨
શીંગ જી-૨૦	૧૨૦૦	૧૬૮૮
એરંડા	૧૩૩૫	૧૩૩૫
જુવાર	૫૦૦	૧૪૩૨
બાજરી	૫૦૦	૬૫૦
બાજરો	૭૫૦	૨૦૮૦
ઘઉં ટુકડા	૫૬૩	૭૬૨
મકાઈ	૬૦૧	૬૦૫
અડદ	૧૫૯૦	૧૯૨૫
મગ	૮૫૦	૩૫૦૦
સોયાબીન	૧૨૯૫	૧૪૮૦
મેથી	૧૪૦૦	૧૪૦૦
ચણા	૧૧૦૦	૧૪૬૫
તલ સફેદ	૧૫૦૦	૩૫૭૬
તલ કાળા	૩૦૮૦	૪૧૬૧
તુવેર	૧૦૫૧	૧૮૦૦
જીરૂ	૪૯૧૦	૪૯૧૦
ડુંગળી લાલ	૨૫૦	૮૨૫
ડુંગળી સફેદ	૨૭૦	૭૮૫
કપાસ શંકર	૧૭૭૩	૧૮૧૫
નાળીયેર	૬૧૫	૩૪૩૬

કોડીનાર

મગફળી નવી	૧૩૭૦	૧૬૨૯
બાજરી હાઇબ્રીડ	૪૫૦	૬૨૪
ઘઉં	૫૩૫	૬૯૬
જુવાર	૧૦૦૦	૧૫૦૦
અડદ	૧૨૦૦	૧૯૦૦
ચણા	૧૩૦૦	૧૪૨૮
સફેદ તલ	૨૭૦૦	૩૫૦૫
કાળા તલ	૨૭૫૦	૩૫૦૫
સોયાબીન	૧૩૧૦	૧૫૩૩
કપાસ	૧૭૫૦	૧૮૬૦
ડાંગર	૯૦૦	૯૮૫

ખાંભા

કપાસ	૧૭૫૬	૧૮૬૨
મગફળી	૧૨૭૫	૧૪૫૧
ચણા	૧૪૪૦	૧૪૪૦
જુવાર	૧૩૫૦	૧૫૩૫
તલ કાળા	૩૫૮૦	૩૫૮૦
સોયાબીન	૧૪૫૦	૧૪૫૦
ઘઉં	૪૬૨	૪૬૨
અડદ	૧૬૯૯	૧૮૨૦
બાજરો	૪૧૨	૫૭૫

જામનગર

બાજરી	૪૫૦	૫૦૫
ઘઉં	૫૪૦	૬૪૧
મગ	૧૧૫૦	૧૨૦૦
અડદ	૧૬૦૫	૧૯૪૦
તુવેર	૭૫૦	૮૦૦
ચણા	૧૪૮૦	૧૫૦૬
ચણા સફેદ	૧૪૭૦	૨૧૮૦
મગફળી જીણી	૧૩૫૦	૧૭૨૫
મગફળી જાડી	૧૨૦૦	૧૬૭૫
મગફળી દૂદ નં.	૧૪૦૦	૨૪૩૦
મગફળી ૯ નં.	૧૭૦૦

કૃષિમંત્રી જીતુ વાઘાણી, ઉર્જામંત્રી કૌશિક વેકરીયા અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં પરિસંવાદ યોજાયો

રાજ્યપાલના હસ્તે રાજુલાના સમૂહખેતી ગામે ભગવાનબાપા કસવાલાની પ્રતિમાનું અનાવરણ

રાજુલા, તા. ૧૮



રાજુલા તાલુકાના સમૂહખેતી ગામ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને અને રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલે સમૂહખેતીના વિચારને સાકાર કરનાર સ્વ. ભગવાનબાપા, સ્વ. ગોવિંદભાઈ સહિત ૧૬ પ્રણેતાઓને સ્મરણાંજલિ અર્પી હતી. સમૂહખેતીના પ્રણેતા ભગવાનબાપા કસવાલાની પ્રતિમાનું મહાનુભાવોના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. સાથે ગામના વિકાસમાં યોગદાન આપનારા મહાનુભાવોનું સન્માન કરાયું હતું.પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાસાયણિક ખેતીના દુષ્પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરોના અતિશય ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઘટીને ૦.૫ ટકાથી પણ નીચે પહોંચી ગયું છે. જંતુનાશકો અને રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીન, હવા, ભૂગર્ભજળ અને ખોરાકની ગુણવત્તા પર માઠી અસર થઈ રહી છે. તેમણે કેન્સર, હૃદયરોગ અને ડાયાબિટીસ જેવી બીમારીઓના વધતા પ્રમાણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક અભિગમ અંગે સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા જીવામૃતના ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મ જીવાણુઓની પ્રવૃત્તિ વધે છે અને જમીનની ફળદ્રુપતા જળવાય છે. પ્રાકૃતિક ખેતીથી જળસંચયમાં વધારો થાય છે અને ખેડૂતોને જમીનની ગુણવત્તા જાળવવામાં મદદ મળે છે. તેમણે કુરુક્ષેત્ર ગુરુકુળના ૨૦૦ એકરના ખેતરનું ઉદાહરણ પણ આપ્યું હતું. કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં અંદાજે ૯ લાખ ખેડૂતો ૮.૭૯ લાખ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પણ ૧૭ હજાર ખેડૂતો ૧૯ હજાર એકરમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી ચૂક્યા છે. રાજ્યમાં ૪૮૯૦ ક્લસ્ટર બનાવવામાં આવ્યાં છે અને ૭૫૯૧ કૃષિ સખી તથા સી.આર.પી. મારફતે ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે. હાલોલમાં દેશની પ્રથમ નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના તેમજ ખેડૂતોનાં ઉત્પાદનોના સીધા વેચાણ માટે ૧૪૦૦થી વધુ વેચાણ કેન્દ્રો શરૂ કરાયાં હોવાની માહિતી પણ તેમણે આપી હતી. કાર્યક્રમના પ્રારંભે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. રાજ્યપાલે કૃષિ સખીઓ, સી.આર.પી. અને પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.આ પ્રસંગે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો જનકભાઈ તળાવિયા અને જે.વી. કાકડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી રાજેશકુમાર મૌર્ય, પોલીસ અધિક્ષક જયવીર ગઢવી સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ખાંભાના પાટી ગામે નવી ગ્રામ પંચાયત ભવનનું જે.વી. કાકડિયાના હસ્તે લોકાર્પણ

ખાંભા,તા.૧૮



ખાંભા તાલુકાના પાટી ગામે નવીન ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ ધારાસભ્ય જે.વી. કાકડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ ચાવડા, તાલુકા પંચાયતના સદસ્ય શાંતિલાલ ઠુંમર, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ સહિત ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ નવા ગ્રામ પંચાયત ભવનને ગામના વહીવટી અને વિકાસલક્ષી કાર્યો માટે ઉપયોગી ગણાવ્યું હતું. ગ્રામ પંચાયત ભવનની નવી સુવિધા ઉપલબ્ધ થતાં ગ્રામજનોને વિવિધ સરકારી કામકાજ અને પંચાયતને લગતી કામગીરીમાં વધુ સરળતા રહેશે. ગામના વિકાસમાં વધુ એક સુવિધાનો ઉમેરો થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ગામના આગેવાનો અને ગ્રામજનોએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

ધોરાજી નગરપાલિકાની સામાન્ય સભામાં નાગરિકોને પ્રવેશ આપવા કોંગ્રેસની માંગ

ધોરાજી,તા.૧૮

ધોરાજી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને એડવોકેટ દિનેશભાઈ સી. વોરાએ નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી જનરલ બોર્ડની બેઠકમાં સામાન્ય નાગરિકોને હાજર રહેવાની મંજૂરી આપવા માંગ કરી છે. તેમણે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫૧(૬)નો ઉલ્લેખ કરી બેઠકમાં નાગરિકોની ભાગીદારી જરૂરી ગણાવી છે.તેમણે જણાવ્યું કે અગાઉ કોંગ્રેસના શાસનમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોને આમંત્રિત કરાતા હતા, જ્યારે વર્તમાન ભાજપ શાસનમાં પત્રકારોને પણ બેઠકથી દૂર રાખવામાં આવે છે. બેઠકની તારીખ, સમય અને સ્થળની અગાઉથી જાહેર જાણ કરવા તથા બંધ બારણે બેઠક યોજવાના કાયદાકીય કારણો સ્પષ્ટ કરવાની માંગ કરી છે. નગરપાલિકા જનતાના કરવેરાથી ચાલતી સંસ્થા હોવાથી પારદર્શિતા અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતુ.

ઉના તાલુકાના સનખડામાં દેવી ભાગવત પારાયણનો પ્રારંભ

ઉના,તા.૧૮

ઉના તાલુકાના સનખડા ગામમાં સમસ્ત જાદવ પરિવાર દ્વારા શ્રીમદ્ દેવી ભાગવત પારાયણનો આજે પ્રારંભ થયો છે. ૧૭થી ૨૫ નવેમ્બર ૨૦૨૬ સુધી ચાલનારા પારાયણના પહેલા દિવસે પોથીયાત્રા યોજાઈ હતી. પારાયણનું આયોજન ગામના શ્રી બલાડ માતાજી મઢ ખાતે સમસ્ત કુળના કલ્યાણ માટે કરવામાં આવ્યું છે. પોથીયાત્રામાં જાદવ પરિવારના વડીલો, આગેવાનો, યુવાનો, માતાઓ અને બહેનો જોડાયાં હતાં. યાત્રા દરમિયાન ભજન-કીર્તન થયું હતું. મહંત ભાવેશબાપુ શુકલ કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથાનો સમય દરરોજ સવારે ૯થી બપોરે ૧૨ અને બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા સુધીનો છે. દરરોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન છે. નવ દિવસ દરમિયાન નવદુર્ગા, મહાકાળી, ચામુંડા માતાજીના પ્રાગટ્ય સહિત અંબા યજ્ઞ અને તુલસી વિવાહ વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા રવિશંકરજીએ ખોડલધામ મંદિરની મુલાકાત લઈ દર્શન કર્યા

રાજકોટ,તા.૧૮



'આર્ટ ઓફ લિવિંગ'ના પ્રણેતા રવિશંકરજીએ તા. ૯ નવેમ્બરના રોજ કાગવડ સ્થિત ખોડલધામ મંદિરની મુલાકાત લઈ માઁ ખોડલના દર્શન-અર્ચન કરી વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટીઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. દર્શન બાદ તેમણે મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું અને મંદિરના ભવ્ય સ્થાપત્ય, સ્વચ્છતા તેમજ સુચારું વ્યવસ્થાપનની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, સમાજની એકતાથી અન્ય સમાજને પ્રેરણા મળે છે અને દેશ આગળ વધે છે, જેમ સરદાર પટેલે રજવાડાઓને એક કર્યા હતા. વધુમાં તેમણે જીવનમાં આધ્યાત્મિકતા કેળવવા અને બાળકોને ધર્મ, શ્લોક તથા મંત્રોનું શિક્ષણ આપવા પર ભાર મૂક્યો હતો. આ અવસરે ટ્રસ્ટીઓ, સામાજિક અગ્રણીઓ અને આર્ટ ઓફ લિવિંગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઉનામાં ટાઉન હોલ ખાતે કોળી સમાજનું ઐતિહાસીક પ્રથમ સ્નેહમિલન યોજાયું

ઉના,તા.૧૮



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉનાના દેલવાડા રોડ પર આવેલા ટાઉન હોલ ખાતે નવલા વર્ષના પાવન અવસરે કોળી સમાજ અને કોળી સેના દ્વારા પ્રથમ ઐતિહાસિક સ્નેહમિલન યોજાયું હતું. જેમાં મત્સ્યોદ્યોગ મંત્રી પુરુષોત્તમ સોલંકીની તબિયત નાદુરસ્ત હોવા છતાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંબોધનમાં જણાવ્યું હતું કે, આપણે સિંહના સંતાન છીએ અને કોઈની વાતોથી ડરવાની જરૂર નથી. સમાજની એકતા અને સંગઠન જાળવવા તેમણે અપીલ કરી હતી. છેલ્લા ૩૫ વર્ષથી સમાજની સેવા કરતા હોવાનું જણાવી આગામી એક વર્ષમાં શિક્ષણ, આર્થિક ઉત્થાન, સમૂહલગ્નો અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે સમાધાન પંચની રચના કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. નાદુરસ્ત તબિયત છતાં તેમની હાજરીથી સમાજમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

ધોરાજી એસ.ટી. વિભાગને દિવાળી ફળી, એક્સ્ટ્રા બસોના સંચાલનથી રૂ. ૧૨ લાખથી વધુની આવક

ધોરાજી,તા.૧૮



તસવીર : નયન કુહાડીયા

દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી અવરજવરને ધ્યાનમાં રાખીને ધોરાજી એસ.ટી. વિભાગ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. તહેવારોના દિવસોમાં મુસાફરોને બસની અછતનો સામનો ન કરવો પડે તે માટે એસ.ટી વિભાગ દ્વારા વિવિધ રૂટ પર એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. આ આયોજનને પગલે ૩ નવેમ્બરથી ૧૪ નવેમ્બર સુધીના સમયગાળામાં કુલ ૧૪૮ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે વિભાગને રૂ. ૧૨ લાખથી વધુની આવક થઈ હતી. ધોરાજીથી રાજકોટ, દ્વારકા, સોમનાથ, અમદાવાદ સહિતના મહત્વના રૂટ પર એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વધારાની બસોના કારણે તહેવારો દરમિયાન મુસાફરોને અવરજવર માટે વધુ વિકલ્પો ઉપલબ્ધ થયા હતા અને મુસાફરોની સુવિધામાં વધારો થયો હતો.

કોડીનારમાં જલારામ બાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી



કોડીનાર,તા. ૧૮

કોડીનારમાં લોહાણા મહાજન અને જલારામ સેવા મંડળ દ્વારા જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બે દિવસીય મહોત્સવમાં શોભાયાત્રા, પ્રભાતફેરી, અન્નકૂટ દર્શન, મહાપ્રસાદ, મહાઆરતી અને સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. શ્રમજીવી વસાહતમાં ભોજન પ્રસાદનું વિતરણ કરાયું હતું.

ઉનાના સામતેરમાં VCEની તાત્કાલિક નિમણૂકની માગણી: ગ્રામજનોને હાલાકી

તાલુકા વિકાસ અધિકારી અને ધારાસભ્ય સમક્ષ રજૂઆત

ઉના,તા.૧૮

ઉના તાલુકાના સામતેર ગામમાં VCE ની જગ્યા લાંબા સમયથી ખાલી છે. તેના કારણે ગ્રામજનો અને ખેડૂતોને સરકારી કામ માટે બીજા ગામો અથવા ઉના શહેરમાં જવું પડે છે. ઉપસરપંચ સંજયસિંહ ગોહિલે તાત્કાલિક નિમણૂક માટે તાલુકા વિકાસ અધિકારી ઉના અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને લેખિત રજૂઆત કરી છે. તેમણે અગાઉ મંગાવેલી અરજીઓના આધારે ભરતી પ્રક્રિયા પૂરી કરીને નિમણૂક કરવા જણાવ્યું છે. જગ્યા ભરવા માટે પંચાયતે અગાઉ જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી અરજી મગાવી હતી. જોકે, ભરતીની આગળની પ્રક્રિયા હજી પૂરી થઈ નથી. ગામમાં VCE ન હોવાથી ૭/૧૨ અને ૮-અના ઉતારા, આવક અને જાતિના દાખલા તથા સરકારી યોજનાઓનાં ઓનલાઈન ફોર્મ ભરવા જેવા ડિજિટલ કામ માટે લોકોને બહાર જવું પડે છે અને તેથી તેમનો સમય અને નાણાં ખર્ચાય છે.

જી.અમરેલી, તા. લાઠીના મોજે ગામ લુવારીયાનાં ખેડ ખાતા નં.૮૦૨નાં રે.સ.નં.૩૯૧ વાળી મીલ્કત ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ અમારા અસીલ ની ફરમાઈસ અને સુચનાથી લાગતા વળગતા અને હિત સબંધ ધરાવનારાઓ તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ લુવારીયાના ખેડ ખાતા નં. ૮૦૨નાં રે.સ.નં. ૩૯૧ (જુનો રે.સ.નં. ૮૭ પૈકી ૧)નાં કુલ હે.આરે. ૧-૦૨-૫૫ ચો.મી. જેને આકાર: રૂા.૬-૬૫ પૈસા વાળી ખેતીલાયક જુની શરતની ખેતીની જમીન (૧) શિરોયા હિંમતભાઈ પોપટભાઈ(૨) મંજુલાબેન હિંમતભાઈ શિરોયા (૩) ચંદ્રીકાબેન હિંમતભાઈ શિરોયા (૪) મુકેશભાઈ હિંમતભાઈ શિરોયા (૫) દિપકભાઈ હિંમતભાઈ શિરોયાની સંયુક્ત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મિલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સંયુક્ત અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ ખાનગી વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસઆઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી,શ્રોફ, ટ્રસ્ટ વિગેરનો કોઈપણને કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત કે હિસ્સો, ભરણ પોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭ (સાત) માં અમારી ઓફીસે રૂબરૂ લેખીતમાં આધાર પુરાવા સાથે હાજર થઈ જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મીલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનન) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા–વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૧૮/૧૧/૨૦૨૬

અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી
અમારી મારફત
ચંદ્રેશ પી.તુરખીયા
(તે ખરીદનારના એડવોકેટ)

લાઠીના મહે.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૮૩/૨૦૨૬
મુદત તા.૧૪/૧૨/૨૦૨૬

અરજદાર :- માળવિયા વિમળાબેન બાવચંદભાઈ વા/ઓ ભોળાભાઈ ગજેરા
રહે.સુરત, તા.જી.સુરત
- //વિરૂધ્ધ//-
સામાવાળા :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી તલાટી કમ મંત્રીશ્રી, માલવીયા પીપરીયા ગ્રામ પંચાયત કચેરી, મુ.માલવીયા પીપરીયા તા.લાઠી, જી. અમરેલી.
અરજદારનાં વિ.વકીલશ્રી : એચ.એન.ડેર

-// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર માળવિયા વિમળાબેન બાવચંદભાઈ નાઓનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ મોજે ગામ: માલવીયા પીપરીયા તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩)(એ) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારનીમાંગણી મુજબ તેઓના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૧૪/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૮' મી, માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તૈયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ | (મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર

કોડીનારમાં ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

કોડીનાર,તા.૧૮

ક્ષત્રિય કારડિયા રાજપૂત યુવા સંગઠન - કોડીનાર તથા GRCA - ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે કોડીનાર સ્થિત GRCA ભવન ખાતે ભવ્ય 'સરસ્વતી સન્માન સમારોહ - ૧૬' યોજાયો હતો. નિવૃત્ત એડિશનલ DGP અભયસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને તથા કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના મુખ્ય અતિથિપદે યોજાયેલા આ કાર્યક્રમમાં સાંસદ માનસિંહભાઈ પરમાર, UPSC સફળ પ્રદીપસિંહ પરમાર સહિત તેજસ્વી વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સુરેન્દ્રનગર ખાતે નિર્માણાધીન GPSC/UPSC ભવન માટે દાતાઓ દ્વારા રૂ.૬ કરોડથી વધુના અનુદાનની જાહેરાત કરાઈ હતી, જ્યારે ભામાશા મનોજસિંહ મોરીએ કોડીનાર તાલુકાના ૬૪ ગામોમાં કોઈપણ સમાજ દ્વારા બનતી લાઈબ્રેરી માટે રૂ.૨,૫૧,૦૦૦ ની ઘોષણા કરી સામાજિક સમરસતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

NAME CHANGE

I, Jiteshkumar Vasantbhai Vaghela, Rajula, have changed my name to Jiteshkumar Vasantray Vaghela.

ભારત સાથે મુક્ત વેપાર કરાર કરવા રશિયાની તૈયારી, પુતિનના નિવેદનથી મળ્યા મોટા સંકેત

શેનઝેન, તા. ૧૮



જી-૩ ત્રિપક્ષીય બેઠકની પ્રશંસા કરી, ૪ અબજ લોકોના બજાર સુધી પહોંચવાનો રશિયાનો લક્ષ્યાંક

એપીઈસી સમિટમાં ભાગ લેવા ચીનના શેનઝેન પહોંચેલા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારત સાથે મુક્ત વેપાર કરાર કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે ભારત સહિત અનેક દેશો સાથે વેપાર કરાર કરવા રશિયા ઉત્સુક છે. ઇન્ડોનેશિયા સાથે પણ ૨૦૨૭ સુધીમાં કરાર થવાની શક્યતા છે. આવા કરારો દ્વારા ૪ અબજ લોકોના બજાર સુધી પહોંચવાનો રશિયાનો લક્ષ્યાંક છે. ભારત અને રશિયા વચ્ચે ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ ડોલર કરવાનો લક્ષ્યાંક છે. હાલમાં બંને દેશો વચ્ચે વેપાર ખાધ આશરે ૫૦ અબજ ડોલર છે. દરમિયાન, પુતિને શી જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની જી-૩ ત્રિપક્ષીય બેઠકની પ્રશંસા કરી હતી અને તેનાથી નોંધપાત્ર લાભ થવાની આશા વ્યક્ત કરી હતી. તેમણે પશ્ચિમી પ્રતિબંધો છતાં રશિયાની પ્રગતિ અટકાવી શકાય નહીં તેમ પણ જણાવ્યું હતું.

ફિલિપાઇન્સ ભારત પાસેથી આકાશ અને પિનાકા રોકેટ ખરીદવા ઉત્સુક

મનીલા, તા. ૧૮



ફિલિપાઇન્સ ભારત પાસેથી આકાશ હવાઈ સંરક્ષણ પ્રણાલી, પિનાકા મલ્ટી બેરલ રોકેટ લોન્ચર અને વધુ બ્રહ્મોસ મિસાઇલો ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. સંરક્ષણ પ્રધાન ગિલ્બર્ટો સી. ટીઓડોરો જુનિયરે ભારત સાથે સંરક્ષણ ભાગીદારી વધારવાની ઇચ્છા વ્યક્ત કરી છે. અહેવાલ મુજબ, ફિલિપાઇન્સ ઓછામાં ઓછી છ વધુ બ્રહ્મોસ મિસાઇલ બેટરી ખરીદવા વિચારણા કરી રહ્યું છે. આ ઉપરાંત હેલિકોપ્ટર અને અવકાશ ક્ષેત્રે પણ સહયોગની ચર્ચા ચાલી રહી છે. ભારતે આકાશ સંરક્ષણ પ્રણાલીની ક્ષમતાનું ફિલિપાઇન્સના અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું. ઓપરેશન સિંદૂર દરમિયાન આકાશ પ્રણાલીના ઉપયોગની વિગતો પણ રજૂ કરાઈ હતી.

જોકે, ખરીદી માટે નાણાકીય મુશ્કેલીઓ અને ચુકવણીની પધ્ધતિ અંગે બંને દેશો વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ફિલિપાઇન્સ ભારત પાસેથી ખરીદીમાં કેટલીક છૂટછાટો પણ ઇચ્છે છે.

કેપ્ટન અમરિંદર સિંહ કોંગ્રેસમાં પાછા નહીં ફરે : ચરણજીત ચન્નીનો દાવો

ચંદીગઢ, તા. ૧૮

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા કેપ્ટન અમરિંદર સિંહ કોંગ્રેસમાં પરત ફરશે તેવી અટકળો વચ્ચે કોંગ્રેસના નેતા ચરણજીત સિંહ ચન્નીએ મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે ઈડીના કેસોને કારણે અમરિંદર સિંહ દબાણમાં છે અને તેમના માટે કોંગ્રેસમાં પાછા ફરવું મુશ્કેલ છે. તાજેતરમાં સોનિયા ગાંધીના પુસ્તક વિમોચન સમારોહમાં અમરિંદર સિંહ હાજર રહ્યા હતા અને ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ સાથે આગળની હરોળમાં બેઠેલા જોવા મળ્યા હતા. આથી તેમની કોંગ્રેસમાં વાપસીની ચર્ચા શરૂ થઈ હતી. ચન્નીના જણાવ્યા અનુસાર, ગાંધી પરિવાર સાથેના જૂના સંબંધોને કારણે તેઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. નોંધનીય છે કે અમરિંદર સિંહે પાંચ વર્ષ પહેલાં કોંગ્રેસ છોડી હતી અને તેમને મુખ્યમંત્રી પદેથી દૂર કરાયા હતા. તેમના સ્થાને ચરણજીત સિંહ ચન્નીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

વિકસિત ગ્રામ પંચાયત પ્લાન અંગે અમદાવાદમાં એક દિવસીય વર્કશોપ યોજાયો

અમદાવાદ,તા.૧૮



અમદાવાદ ખાતે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા)માં તા. ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) એટલે કે વીબી-જી રામ જી અધિનિયમ, ૨૦૨૫ અંતર્ગત વિકસિત ગ્રામ પંચાયત પ્લાન (ફટૅ) અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. ગ્રામ વિકાસ વિભાગના કમિશનર અને અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા વર્કશોપમાં વિશેષ નિયામક સી.સી. કોટક સહિત અમરેલીના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કે.જે. જાડેજા અને રાજ્યના ૩૪ જિલ્લાઓના કુલ ૧૭૦ અધિકારીઓ જોડાયા હતા. વર્કશોપમાં અધિનિયમની જોગવાઈઓ, સહભાગી આયોજન, ગ્રામ પંચાયત વિકાસ પ્લાન, વિવિધ વિભાગો સાથે સંકલન અને ટકાઉ સંપત્તિ નિર્માણ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ યોજના ગામની વાસ્તવિક જરૂરિયાતો આધારિત સર્વાંગી વિકાસને વેગ આપશે. આગામી ૧૯ નવેમ્બરથી ૪૧૯ જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ માટે ત્રણ દિવસીય ૧૦ તાલીમ સત્રોનું આયોજન કરાયું છે.

સોનિયા ગાંધીના પુસ્તકના પાના ૨૦૧ને લઈને વિવાદ : મહારાષ્ટ્રમાં પ્રતિબંધની શિંદે જૂથની માંગ

મુંબઈ, તા. ૧૮

કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના પુસ્તકને લઈને મહારાષ્ટ્રમાં રાજકીય વિવાદ ઊભો થયો છે. શિવસેનાના એકનાથ શિંદે જૂથે પુસ્તકના પાના નંબર ૨૦૧માં વીર સાવરકર અને બાળાસાહેબ ઠાકરેનું અપમાન કરાયું હોવાનો આક્ષેપ કર્યો છે. જૂથના નેતાઓએ પત્રકાર પરિષદ યોજી મહારાષ્ટ્રમાં પુસ્તક પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. નેતાઓએ આક્ષેપ કર્યો કે પુસ્તકમાં સાવરકર અંગે વાંધાજનક લખાણ છે, છતાં ઉધ્ધવ ઠાકરે મૌન છે. વિરોધ દરમિયાન શિંદે જૂથના કાર્યકરોએ પુસ્તક ફાડીને રોષ વ્યક્ત કર્યો હતો. સંજય નિરુપમે પણ ઉધ્ધવ ઠાકરેના મૌન સામે સવાલો ઉઠાવી રાજ્યભરમાં પુસ્તક પર પ્રતિબંધની માંગ કરી હતી. આનંદ દુબેએ પણ પુસ્તકના લખાણ સામે વાંધો વ્યક્ત કર્યો હતો.

યુપીમાં ૨૦૨૭માં ભાજપ માત્ર હેટ્રિક જ નહીં, નવો રેકોર્ડ પણ બનાવશે : યોગી આદિત્યનાથ

લખનૌ, તા. ૧૮



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની સતત ત્રીજી વખત સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ, કાર્યકરોની મહેનત અને ડબલ એન્જિન સરકારનાં વિકાસકાર્યોના આધારે ભાજપ પ્રચંડ બહુમતીથી વિજય મેળવશે. આ વખતે પક્ષ માત્ર હેટ્રિક જ નહીં, પરંતુ નવો રાજકીય રેકોર્ડ પણ બનાવશે. યોગીએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે અગાઉના શાસનમાં ગુંડાગીરી, રમખાણો, ખંડણી અને કથળેલી કાયદો-વ્યવસ્થાને કારણે ઉત્તર પ્રદેશની છબી ખરડાઈ હતી. સમાજવાદી પાર્ટીના શાસનમાં પરિવારવાદ, જાતિવાદ અને ગુનાહિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. મુખ્યમંત્રીએ દાવો કર્યો કે ભાજપ સરકારમાં મહિલાઓની સુરક્ષા, રોજગારી અને રોકાણની તકોમાં વધારો થયો છે. ભાજપ આગામી ચૂંટણીમાં જનતાના આશીર્વાદ મેળવશે.

દેશમાં ૧૭ વર્ષમાં ૧,૭૬૫ હાથીનાં અકુદરતી મોત : ઓડિશામાં સૌથી વધુ ૩૭૧ હાથીનાં મૃત્યુ

નવી દિલ્હી, તા. ૧૮



માહિતી અધિકાર (આરટીઆઈ) હેઠળ મળેલી માહિતીમાં દેશમાં હાથીઓનાં મોત અંગે ચિંતાજનક વિગતો સામે આવી છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના આંકડા અનુસાર, વર્ષ ૨૦૦૯થી ૨૦૨૬ દરમિયાન દેશમાં અકુદરતી કારણોસર કુલ ૧,૭૬૫ હાથીનાં મોત થયાં છે. જેમાં વીજ કરંટ સૌથી મોટું કારણ બન્યું છે. આ સમયગાળામાં વીજ કરંટથી ૧,૧૮૫, ટ્રેન અકસ્માતમાં ૨૭૭, શિકારથી ૨૨૨ અને ઝેરના કારણે ૮૧ હાથીનાં મોત નોંધાયાં છે. રાજ્યવાર આંકડામાં ઓડિશા ૩૭૧ મોત સાથે પ્રથમ ક્રમે છે, જ્યારે આસામમાં ૩૫૬ અને કર્ણાટકમાં ૨૨૩ હાથીનાં મોત થયાં છે. વીજ કરંટથી ઓડિશામાં ૨૩૮, કર્ણાટકમાં ૧૯૫ અને આસામમાં ૧૯૧ હાથીનાં મોત થયાં છે. જ્યારે ટ્રેન અકસ્માતમાં આસામમાં ૯૦, પશ્ચિમ બંગાળમાં ૬૮ અને ઓડિશામાં ૪૫ હાથીનાં મોત નોંધાયાં છે. હાથીઓના રહેઠાણ અને અવરજવરના વિસ્તારોમાં ગેરકાયદેસર ઈલેક્ટ્રિક વાડ તથા ખુલ્લા વીજતાર તેમના માટે જીવલેણ બની રહ્યા છે.

અડતાળા ગામે પાણીની રજૂઆત કરવા ગયેલા ગ્રામજનો પર ઉપસરપંચનો હુમલો

લાઠી,તા.૧૮

લાઠી તાલુકાના અડતાળા ગામે પીવાના પાણીના પ્રશ્ને ઉગ્ર વિવાદ સર્જાયો હતો. ગ્રામ પંચાયત દ્વારા નિયમિત પાણી આપવામાં આવતું ન હોવાની ફરિયાદ સાથે ગ્રામજનો રજૂઆત કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન ઉપસરપંચે ઉશ્કેરાઈને ધોકા અને બંદૂક જેવાં હથિયારો વડે ગ્રામજનો પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. એટલું જ નહીં, ઉપસરપંચે બંદૂક બતાવી ગ્રામજનોને ડરાવવાનો પ્રયાસ કર્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે ગામમાં ભારે રોષ ફેલાયો હતો. બનાવ બાદ મોટી સંખ્યામાં ગ્રામજનો લાઠી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયા હતા અને જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ફરિયાદ બાદ પોલીસે મોડી સાંજે આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પાણીના પ્રશ્ને વિવાદ વકર્યો, ગ્રામજનોએ લાઠી પોલીસ સ્ટેશનમાં ઘસી જઈ કડક કાર્યવાહીની માંગ કરી

દિલ્હી હાઈકોર્ટની કેજરીવાલ સહિત આપના અનેક નેતાઓને અંતિમ ચેતવણી

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હી હાઈકોર્ટે અવમાનના કેસમાં અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સૌરભ ભારદ્વાજ સહિત આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓને જવાબ રજૂ કરવા માટે ત્રણ અઠવાડિયાની અંતિમ તક આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે નિર્ધારિત સમયમાં જવાબ નહીં અપાય તો તેમનો જવાબ રજૂ કરવાનો અધિકાર રદ કરવામાં આવશે. ન્યાયાધીશ નવીન ચાવલાની આગેવાની હેઠળની બેન્ચે વધુ સમય આપવાનો ઈનકાર કરતાં કડક વલણ અપનાવ્યું હતું. આ કેસ ન્યાયાધીશ સ્વર્ણ કાંતા શર્મા વિરુધ્ધ સોશિયલ મીડિયા પર કથિત વાંધાજનક પોસ્ટ અને વીડિયો શેર કરવા સંબંધિત છે. હાઈકોર્ટે આ મામલે સ્વતઃ સંજ્ઞાન લઈને ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરી હતી.

કુલગામમાં એન્કાઉન્ટર દરમિયાન લશ્કર કમાન્ડર લતીફ ભટ ઠાર

જમ્મુ, તા. ૧૮



જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં વોન્ટેડ લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર લતીફ ભટ માર્યો ગયો છે. તે જંગલપોરા વિસ્તારની મસ્જિદમાં છુપાયો હતો. સુરક્ષા દળોએ વીડિયો કોલ દ્વારા તેને આત્મસમર્પણ કરવા સમજાવ્યો હતો, પરંતુ તેણે ઈનકાર કરીને ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ થયેલી અથડામણમાં તે ઠાર થયો હતો. આ કાર્યવાહી સીઆરપીએફ જવાનો પર થયેલા હુમલાના આઠ દિવસ બાદ સુરક્ષા દળો માટે મહત્ત્વપૂર્ણ સફળતા ગણાય છે.

૨૫ વર્ષ બાદ મધ્યપ્રદેશ સરકારે સરકારી નોકરી માટે બે બાળકોની શરત કરી નાબૂદ


ભોપાલ, તા. ૧૮



મધ્યપ્રદેશની મોહન યાદવ સરકારે સરકારી નોકરીઓમાં લાગુ બે બાળકોની શરત નાબૂદ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી મોહન યાદવની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મધ્યપ્રદેશ સિવિલ સર્વિસીસ રૂલ્સ, ૧૯૬૧માં સુધારાને મંજૂરી આપવામાં આવી છે. હવે ત્રીજું બાળક ધરાવતા ઉમેદવારો સરકારી ભરતી માટે ગેરલાયક ગણાશે નહીં તેમજ નોકરીમાં રહેલા કર્મચારીઓ સામે પણ આ મુદ્દે કાર્યવાહી નહીં થાય. નોંધનીય છે કે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧થી અમલમાં આવેલા આ નિયમ હેઠળ બે કરતાં વધુ જીવિત બાળકો ધરાવતા વ્યક્તિઓ સરકારી નોકરી માટે લાયક નહોતા. ત્રીજું બાળક જન્મે તો કર્મચારીઓ સામે વિભાગીય કાર્યવાહી થતી હતી. સરકારના જણાવ્યા અનુસાર, આ નિયમને કારણે હજારો કર્મચારીઓ સામે કાર્યવાહી થઈ હતી. શાળા, કોલેજ અને મેડિકલ કોલેજો સાથે જોડાયેલા આશરે ૮,૦૦૦થી ૧૦,૦૦૦ કેસોમાં કાર્યવાહી બાકી હોવાનું કહેવાય છે. નવા નિર્ણયથી તપાસ હેઠળના અને પડતર કેસો બંધ થઈ શકશે. જોકે, અગાઉ બરતરફ થયેલા કર્મચારીઓ અથવા અંતિમ નિર્ણય આવી ગયેલા કેસોને ફરી ખોલવામાં આવશે નહીં.

બાંગ્લાદેશમાં પોલીસ સ્ટેશન અને સાંસદના ઘર સહિત અનેક સ્થળોએ કરાઈ આગચંપી

ઢાકા, તા. ૧૮



બાંગ્લાદેશમાં ફરી એકવાર રાજકીય હિંસા ભડકી ઊઠી છે. ભૂતપૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની પાર્ટી આવામી લીગના સમર્થકો પર ગોપાલગંજ સદર પોલીસ સ્ટેશનમાં આગ લગાવવાનો આરોપ લાગ્યો છે. આ ઉપરાંત બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના સાંસદ જિલાનીના નિવાસસ્થાને પણ આગચંપી કરવામાં આવી હતી. ઢાકાના વિવિધ વિસ્તારોમાં અનેક બસો અને પૂર્વ મંત્રી એકેએમ મોઝામ્મેલ હકના ઘર પર પણ આગ લગાવાઈ હોવાના અહેવાલ છે. ગોપાલગંજ શેખ હસીનાનું વતન છે. અગાઉ આવામી લીગની રેલી પર પ્રતિબંધ બાદ પણ અહીં હિંસા ફાટી નીકળી હતી. પરિસ્થિતિ વણસતાં વહીવટીતંત્રે જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકની બદલી કરી હતી. દરમિયાન, બાંગ્લાદેશ સરકારના માહિતી સલાહકાર જાહિદ ઉર રહેમાને જણાવ્યું હતું કે શેખ હસીનાના પ્રત્યાર્પણ કે વતન પરત ફરવા અંગે ભારત સહિત કોઈપણ દેશ શરતો લાદી શકે નહીં. નોંધનીય છે કે ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીના બાંગ્લાદેશ છોડીને ભારત આવ્યાં હતાં. તાજેતરની હિંસામાં જાનમાલના નુકસાન અંગે સત્તાવાર વિગતો જાહેર થઈ નથી.

વધતી મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસની રાજ્યવ્યાપી જનઆંદોલનની ચીમકી, સરકાર પાસે રાહતની માગ

અમદાવાદ, તા. ૧૮

રાજ્યમાં ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, દૂધ, પેટ્રોલ-ડીઝલ અને સીએનજી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના અસહ્ય ભાવવધારા સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યું છે. વધતી મોંઘવારીને કારણે સામાન્ય પરિવારો, મધ્યમ વર્ગ અને ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું હોવાનો આક્ષેપ કરતા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે આગામી દિવસોમાં સમગ્ર



ગુજરાતમાં રસ્તા પર ઊતરી ઉગ્ર જનઆંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.


તેમણે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાના વચનો અપાયા હતા, પરંતુ ૧૨ વર્ષ બાદ પણ મોંઘવારી સતત વધી રહી છે. યુપીએ સરકારના સમયમાં રૂ. ૧,૧૦૦-૧,૨૦૦માં મળતો ખાદ્યતેલનો ડબ્બો આજે રૂ. ૩,૧૯૦ સુધી પહોંચી ગયો છે. આ ઉપરાંત પ્રાથમિક ચીજવસ્તુઓ, ઈંધણ અને વીજળીના મોંઘવારી દરમાં પણ ચિંતાજનક વધારો નોંધાયો છે. કોંગ્રેસે સરકાર પાસે જનતાને તાત્કાલિક આર્થિક રાહત આપવાની માગ કરી છે.

અમદાવાદમાં લાઈવ કોન્સર્ટની ધૂમ, ફ્લાઈટ અને હોટલના ભાડામાં ધરખમ વધારો કરાયો

દિલજીત દોસાંઝ સહિત અનેક કલાકારોના કાર્યક્રમો યોજાશે

અમદાવાદ, તા. ૧૮

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય બેન્ડ કોલ્ડ પ્લેના સફળ કાર્યક્રમ બાદ ગુજરાતમાં મોટા સંગીત કાર્યક્રમોનો ક્રેઝ વધ્યો છે. તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૬થી ૨૭ માર્ચ, ૨૦૨૭ દરમિયાન અમદાવાદ



અને ગાંધીનગરમાં પંજાબી તથા બોલિવૂડના જાણીતા કલાકારોના લાઈવ કોન્સર્ટ યોજાવાના છે.

તા. ૨૧ નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં દિલજીત દોસાંઝનો કોન્સર્ટ યોજાશે. જ્યારે ૨૨ નવેમ્બરે રાજપથ ક્લબમાં પપોન અને સવાના પાર્ટી પ્લોટમાં દર્શન રાવલના કાર્યક્રમો યોજાશે. દેશભરમાંથી સંગીતપ્રેમીઓ અમદાવાદ આવી રહ્યા હોવાથી ફ્લાઈટ અને હોટલનાં ભાડાંમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય દિવસોમાં રૂ. ૩,૫૦૦થી ૮,૦૦૦ની ફ્લાઈટ ટિકિટના રૂ. ૧૭,૦૦૦થી ૪૦,૦૦૦ સુધી ચૂકવવા પડી શકે છે. જ્યારે રૂ. ૫,૦૦૦થી ૧૩,૦૦૦નું હોટલ રૂમનું ભાડું વધીને રૂ. ૧૫,૦૦૦થી ૩૫,૦૦૦ સુધી પહોંચી શકે છે.

આરોપીઓને જામીન મળતાં બિલકિસ બાનોએ પરિવાર સાથે ગુજરાત છોડ્યું

મંસૂરીએ જણાવ્યું

અમદાવાદ,તા.૧૮

૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન સામૂહિક દુષ્કર્મ અને પરિવારની હત્યાનો ભોગ બનેલા બિલકિસ બાનો કેસમાં સુપ્રીમ કોર્ટે બે દોષિતો વિપિનચંદ્ર જોશી અને પ્રદીપ મોઢિયાને તેમની વધતી ઉંમર અને ખરાબ સ્વાસ્થ્યના આધારે ૨૮ ઓક્ટોબરે જામીન આપ્યા છે. આ ચુકાદાથી આઘાત પામેલા બિલકિસ બાનોએ સુરક્ષા અને ભયના કારણે પરિવાર સહિત ગુજરાત છોડી દીધું હોવાનું તેમના મામા અબ્દુલ રઝાક છે. બિલકિસે પોતાના વકીલ શોભા ગપ્તા મારફતે નિવેદન જાહેર કરી આ નિર્ણયને 'ન્યાયની હત્યા' ગણાવ્યો છે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે, કોર્ટે તેમનો પક્ષ સાંભળ્યા વિના જ દોષિતોની સજા મોકૂફ રાખી છે. છેલ્લા ૨૪ વર્ષથી અદાલતોમાં ન્યાય માટે ઝઝૂમી રહેલા બિલકિસે ફરી એકવાર ડરના માહોલમાં મુકાયા હોવાનું જણાવી પોતાની કાનૂની લડાઈ ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

સુરત નજીક વંદે ભારત ટ્રેન પર ફરી પથ્થરમારો: સચિન સ્ટેશન પાસે બારીનો કાચ તૂટતા મુસાફરોમાં ગભરાટ

સુરત, તા. ૧૮

સુરત અને તેની આસપાસના રેલવે ટ્રેક પર ટ્રેનોને નિશાન બનાવવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. ગત ૧૭મી નવેમ્બરની સાંજે સુરતથી નવસારી તરફ જઈ રહેલી સેમી-હાઈસ્પીડ વંદે ભારત એક્સપ્રેસ પર સચિન રેલવે સ્ટેશન નજીક કોઈ અજાણ્યા શખ્સે પથ્થરમારો કર્યો હતો.



પથ્થર વાગવાને કારણે ટ્રેનના કોચની બારીનો કાચ તૂટી ગયો હતો.

અચાનક થયેલા પથ્થરમારાથી મુસાફરોમાં ગભરાટ અને ફફડાટ ફેલાયો હતો, જોકે સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. ઘટનાની જાણ થતાં જ રેલવે તંત્ર અને આરપીએફ (RPF) દ્વારા આસપાસના વિસ્તારમાં તપાસ તેજ કરી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. પ્રીમિયમ ટ્રેન પર વારંવાર થતા આવા હુમલાઓને પગલે રેલવે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊઠી રહ્યા છે.

વાપીમાં SOGએ કર્ણાટકથી આવેલી સોપારી ભરેલી ૧૦ ટ્રક ઝડપી પાડી

વલસાડ,તા. ૧૮



વલસાડ જિલ્લાના વાપીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા મોટી કાર્યવાહી કરીને સોપારી ભરેલી ૧૦ ટ્રક ઝડપી પાડવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આ જથ્થો કર્ણાટકથી આવ્યો હોવાનું ખૂલ્યું છે.

હાલ SOG દ્વારા સોપારીના દસ્તાવેજોની તપાસ શરૂ કરાઈ છે. આ જથ્થો ચોરીનો છે કે બિલ વગરનો, તેમજ જીએસટી (GST) અને ઈ-વે બિલમાં કોઈ ગેરરીતિ આચરીને ટેક્સ ચોરીનું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે કે કેમ, તે દિશામાં પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાહોદના ગરબાડા ગામે પહોંચ્યા, આદિવાસી પરિવારજનો સાથે આત્મીય સંવાદ કર્યો

દાહોદ, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદના ગરબાડા ખાતે ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી નમન કર્યું હતું.

આ દરમિયાન તેમણે સ્થાનિક નાગરિકો અને બાળકો સાથે આત્મીય મુલાકાત કરી હતી. પ્રવાસના પ્રથમ દિવસે મુખ્યમંત્રીએ સરાબલી ગામે



આદિવાસી પરિવારના મુકેશ બારિયાના ઘરે બપોરનું ભોજન લીધું હતું. પરિવાર સાથે જમીન પર બેસીને તેમણે મગનું શાક, દાળ, ચણાની દાળ અને દાળ પાનિયાં સહિતનું સાદું ભોજન આરોગ્યું હતું. તેમણે પરિવારના વડીલો અને મહિલાઓ સાથે વાતચીત કરી બાળકોના અભ્યાસ, પરિવારની સ્થિતિ અને આજીવિકા અંગે જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીના આગમનથી પરિવારજનોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

કચ્છમાં તંત્ર દ્વારા એક વર્ષમાં ૩,૩૦૦ દબાણો હટાવી રૂ.૫૦૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ

ભુજ, તા. ૧૮

કચ્છ જિલ્લામાં સરકારી જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણો સામે વહીવટી તંત્ર અને પોલીસે સંયુક્ત રીતે કડક ઝુંબેશ હાથ ધરી છે. સરકારના આદેશ બાદ તેજ બનાવાયેલી આ કામગીરી અંતર્ગત છેલ્લા એક વર્ષમાં જિલ્લાના ૩,૩૦૦ સ્થળોએથી દબાણો દૂર કરીને અંદાજે રૂ.૫૦૦ કરોડની કિંમતની કુલ ૧.૩૫ કરોડ ચોરસ મીટર જમીન



દબાણમુક્ત કરવામાં આવી છે. તંત્રની આંકડાકીય વિગતો મુજબ, પશ્ચિમ કચ્છમાં ૧,૮૫૦ દબાણો હટાવીને ૧.૩૦ કરોડ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ છે, જ્યારે પૂર્વ કચ્છમાં ૧,૪૪૫ દબાણો દૂર કરીને ૫ લાખ ચોરસ મીટર જમીન પરથી ગેરકાયદેસર કબજો હટાવવામાં આવ્યો છે. આગામી સમયમાં પણ દબાણ હટાવો ઝુંબેશ યથાવત્ રાખવામાં આવશે.

વિંછીયામાં વાડીના શેઢે સૂકવવા મૂકેલો રૂ.૩.૫૨ કરોડનો ગાંજો ઝડપાયો

એસઓજીએ વાડી માલિકની ધરપકડ કરી NDPS એક્ટ ગૂનો નોંધ્યો

રાજકોટ,તા.૧૮

રાજકોટ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) પોલીસે જિલ્લામાં માદક પદાર્થોના ગેરકાયદેસર વેપાર અને હેરાફેરી સામે લાલ આંખ કરીને એક મોટી સફળતા મેળવી છે. વિંછીયા તાલુકાના છાસિયા ગામની ઝરડા સીમમાં આવેલી એક વાડીના શેઢે સૂકવવા માટે રાખવામાં આવેલો લીલા ગાંજાના છોડનો મસમોટો જથ્થો પોલીસે દરોડો પાડીને ઝડપી પાડ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ રેન્જના આઈજી અને જિલ્લા પોલીસ વડાના સીધા માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે વિંછીયા પંથકના છાસિયા ગામની ઝરડા સીમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન વાડીના શેઢે સૂકવવા માટે મૂકવામાં આવેલા લીલા ગાંજાના છોડનો કુલ ૭૦૫.૪૯૦ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કબજે કરેલા આ માદક પદાર્થની બજાર કિંમત અંદાજે રૂ. ૩,૫૨,૭૪,૫૦૦ (ત્રણ કરોડ બાવન લાખ ચોત્તેર હજાર પાંચસો રૂપિયા) આંકવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળેથી જ વાડીના માલિક સવશીભાઈ બચુભાઈ મીઠાપરા (ઉંમર ૫૫)ની ધરપકડ કરી છે. આ સમગ્ર મામલે રાજકોટ ગ્રામ્ય SOGએ આરોપી વિરુધ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ (NDPS) એક્ટ હેઠળ કાયદેસરનો ગુનો નોંધીને સઘન પૂછપરછ હાથ ધરી છે.







